THEOSOPHIC JYOTI (Gujarati Monthly) RNI Registration No. GUJ/GUJ/2015/71878 Dated : 24-05-2017
Published on : 10th Date of every month

सत्यान्नास्ति परो धर्मः | तमसो मा ज्योतिर्गमय

આધ્યાત્મિક આંતરદ્દષ્ટિ પ્રેરતું પોષતું અને પ્રફુલ્લાવતું સામાયિક

ગુજરાત થિયોસોફિકલ ફેડરેશનનું મુખપત્ર

# થિયોસોફિક જ્યોતિ
# THEOSOPHIC JYOTI

Editor : Harshavadan M. Sheth

Year-6 | August - 2021 | No. 51

## અનુક્રમણિકા

1. મેડમ બ્લેવેટ્સ્કી – મહાન પ્રેરણા સ્રોતના પ્રવાહમાં ................ શ્રી હર્ષવદન શેઠ ... 3
2. ગિરિ–તળેટીથી ................ શ્રી નરેશ એ. ત્રિવેદી ... 5
3. ધી હિડન સાઈડ ઓફ ધી થીંગ્સ ................ શ્રી ધવલ શેઠ ... 9
4. મંત્રીશ્રીનો જરૂરી પત્ર ................ શ્રી દર્શન મોદી ... 11
5. યુગ પુરુષ વંદના ................ શ્રી દર્શન મોદી ... 12
6. જરથોસ્તી ધર્મ ................ શ્રીમતિ પરવીન પટેલ ... 15
7. શ્રી નારદ ભક્તિ સૂત્ર ................ શ્રી ભાસ્કરભાઈ ભટ્ટ ... 17
8. શાખા સમાચાર ................ 19
9. આપણો પુસ્તક પ્રેમ ................ 20

Price : Rs. 5/- • Yearly Subscription : Rs. 50/- (In India) • Published & Printed at : Ahmedabad

આ માસિકમાં પ્રગટ થતી માત્ર અધિકૃત જાહેરાતો માટે જ ગુ. થિ. ફેડરેશન જવાબદાર છે. – તંત્રી

# થિયોસોફિકલ સોસાયટીના ત્રણ ઉદ્દેશો

(૧) પ્રજા ધર્મ જ્ઞાતિ, જાતિ, વર્ણ કે રંગના ભેદભાવ રાખ્યા વિના માનવજાતિનું વિશ્વબંધુત્વનું એક કેન્દ્ર રચવું.
(૨) તુલનાત્મક રીતે ધર્મ, તત્વજ્ઞાન અને વિજ્ઞાનના અભ્યાસને સમગ્રતાની દ્રષ્ટિએ ઉત્તેજન આપવું.
(૩) કુદરતના નહિ સમજાએલા નિયમોનું અને મનુષ્યમાં રહેલી સુષુપ્ત શક્તિઓનું સંશોધન કરવું.

## ગુજરાત થિયોસોફિકલ ફેડરેશન

હરજીવન હેડ ક્વાર્ટર્સ, "હોમી હાઉસ" ૧૫૧૬, કૃષ્ણનગર, ભાવનગર-૩૬૪ ૦૦૧.

### ફેડરેશન હોદ્દેદારો

પ્રમુખ : **શ્રી નરેશભાઈ એ ત્રિવેદી** — ઉપપ્રમુખ : **શ્રી કાન્તીલાલ પી. પટેલ**
મંત્રી : **શ્રી દર્શનભાઈ સી. મોદી** — સહમંત્રી : **શ્રી વલ્લભભાઈ રાખોલીઆ**
ખજાનચી : **શ્રી રમેશચંદ્ર ડોલીઆ**

ફેડરેશન દ્વારા પ્રગટ થયેલાં પુસ્તકો મેળવવા માટે લખો.
બુક સ્ટોલ મેનેજર
શ્રી પ્રવિણભાઈ માંડલિયા, ભાવનગર લોજ, મો. : ૯૪૨૬૧૬૪૫૫૭
"હોમી હાઉસ" ૧૫૧૬, કૃષ્ણનગર, ભાવનગર - ૩૬૪ ૦૦૧.

| | |
|---|---|
| નવા સભ્ય પ્રવેશ ફી | રૂ.૧૦૦/- |
| સભ્ય ફી | રૂ.૧૫૦/- |
| દંપતિ સભ્ય ફી | રૂ.૨૨૫/- |
| ૨૫ વર્ષથી ઓછી ઉંમરના સભ્ય ફી | રૂ.૭૫/- |
| લાઈફ મેમ્બર ફી | રૂ.૩૦૦૦/- |
| ઈન્ડિયન થિયોસોફીસ્ટ | રૂ.૩૦/- |
| થિયોસોફિક જ્યોતિ | રૂ.૧૦/- |

### ફેડરેશન મંત્રીનું સરનામું

ફેડરેશન અંગેનો કોઈપણ પત્રવ્યવહાર કરવા માટે

**શ્રી દર્શનભાઈ સી. મોદી**

એ/૯૦૪, ધરતી સાકેત હાઈટ્સ, શુકન ગ્લોરી સામે,
આનંદ સફાયર પાસે, એસ.જી. હાઈવે,
ગોતા, અમદાવાદ – ૩૮૨ ૪૮૧
મો.નં. ૯૪૨૭૩ ૧૧૯૫૪

### થિયોસોફિકલ સેવાસંઘ (T.O.S.)

અંગે પત્રવ્યવહાર
શ્રી નરસિંહભાઈ એ. ઠાકરીયા
એ/૩૦૧, સનાઈ રેસીડન્સી, પરશુરામ ગાર્ડન સામે,
અડાજણ, સુરત-૩૯૫૦૦૯
મો : ૯૪૨૬૩ ૬૨૨૫૩
(રહે.) ૦૨૬૧-૨૭૪૬૭૨૨

### "થિયોસોફિક જ્યોતિ"ના લવાજમના દર

| | |
|---|---|
| ભારતમાં (વાર્ષિક) | રૂ.૫૦/- |
| ભારતમાં આજીવન (મર્યાદા ૧૦ વર્ષ) | રૂ.૧૦૦૦/- |

### "થિયોસોફિક જ્યોતિ" માટે જાહેરાતના દર

(એક વખત પ્રસિદ્ધ કરવા માટેના દર)

| | |
|---|---|
| અંદરનું કવર પેજ ટાઈટલ પાનું નં.૩ | રૂ.૬૦૦-૦૦ |
| અંદરનું આખું પાનું | રૂ.૫૦૦-૦૦ |
| અંદરનું અડધું પાનું | રૂ.૩૦૦-૦૦ |
| સૌજન્ય પૃષ્ઠ | રૂ.૫૧-૦૦ |

ઉપરોક્ત જણાવેલ દાન, ભેટ કે જાહેરાતનાં નાણાં **'જી.ટી.એફ. જ્યોતિ પ્રકાશન ફંડ'** એ નામે મનીઓર્ડર કે ડીમાન્ડ ડ્રાફ્ટથી તંત્રીશ્રીના સરનામે મોકલવા અથવા નીચે જણાવેલ બેન્ક એકાઉન્ટમાં જમા કરાવીને તંત્રીશ્રીને જાણ કરવી. જ્યોતિના ટપાલ સરનામાં તથા નિયમિત મળવા અંગેનો પત્રવ્યવહાર પણ નીચે જણાવેલ સરનામે કરવો :-

**શ્રી હર્ષવદન એમ. શેઠ**

'શ્વેત પદ્મ' ૯, અપૂર્વ બંગલોઝ,
શારદા હાઈસ્કુલ પાછળ, ભૂયંગદેવ પાસે, મેમનગર,
સોલા રોડ, અમદાવાદ - ૩૮૦૦૫૨.
મો. – ૯૮૨૪૦૭૩૬૭૮, ૯૦૧૬૨૨૪૮૨૫
E-mail-harshavadan_sheth@yahoo.co.uk

**GTF Jyoti Prakashan Fund**
Central Bank of India
(Sardarnagar Area Branch, Bhavnagar, 01360)
A/c. No. 1871957084
IFSC : CBIN0281360

**નોંધ : આ અંકમાં પ્રસ્તુત થતાં લેખો સાથે તંત્રીશ્રી સહમત છે તેવી માન્યતા ધરાવવી નહીં.**

# મેડમ બ્લેવેટ્સ્કી – મહાન પ્રેરણા સ્રોતના પ્રવાહમાં...

સંપાદકીય

પ્રસ્તુતિ
શ્રી હર્ષવદન શેઠ



મેડમ બ્લેવેટ્સ્કી

૧૨મી ઓગષ્ટના દિવસે થિયોસોફિકલ સોસાયટીના વિશ્વભરનાં સૌ સભ્યો મેડમ બ્લેવેટ્સ્કીને તેમના જન્મદિને યાદ કરીને અલૌકિક અનુભૂતિ પ્રાપ્ત કરી જ હશે. ૧૮૩૧માં ૧૨મી ઓગષ્ટે રશિયાના યેકેટેરીનોસ્લાવ ગામે તેમનો જન્મ થયેલો. તેમના પિતા કર્નલ પીટર એલેક્સીવીચ વૉન હાન રશિયન લશ્કરમાં એક અધિકારી હતા. પોતે ઉમરાવ કુટુંબના હતાં. જે કુટુંબ જર્મનીના મેકલીનબર્ગ પરગણાનું હતું. તેમની માતા હેલેના આન્દ્રેયીવના દ ફદેયેવ એક જાણીતા નવલકથાકાર હતા અને ઉમરાવ ઘરાનાનાં હતા.

બાળકી હેલેના પડકારો સહન કરવા જ જન્મી હતી. તે એટલી બધી નબળી અને નાજુક હતી કે તે વધુ જીવી નહીં શકે તેવું લાગતું હતું. તેથી તેને બેપ્ટાઈઝ-ખ્રિસ્તી ધર્મના જળ સંસ્કાર પ્રદાન કરવાનું નક્કી થયું. એક પાદરીને બોલાવવામાં આવ્યા. એક મોટા રૂમમાં કુટુંબના બધાં જ સભ્યો ભેગા થયાં. દરેકને એક પ્રજ્વલિત કરેલી મીણબત્તી (ટેપર) આપવામાં આવી. આગળની હરોળમાં એક નાની છોકરી ટેપર સાથે ઊભી હતી. તે થાકી ગઈ અને નીચે બેસી ગઈ. તેના હાથમાં સળગતી મણીબત્તી તો હતી જ ! અચાનક અકસ્માતે પાદરીના લાંબા ઊડતા ઝભ્ભાને તે છોકરીની મીણબત્તીની ઝાળ લાગી ગઈ. વૃદ્ધ પાદરીના ઝભ્ભાએ ઝડપથી આગ પકડી અને તે બિચારો વૃદ્ધ પાદરી અત્યંત દાઝી ગયો. બેપ્ટાઈઝની વિધિ વખતે ટેપર-સળગતી મીણબત્તીઓ દ્વારા દૂષ્ટ આત્મા અને તેની અસરોથી નવજાત શિશુનું રક્ષણ કરવામાં આવે છે. આ પ્રકારની અંધશ્રદ્ધા પ્રવર્તતી હોવાને લીધે ઘરનાં નોકર-ચાકરો આ આગના અકસ્માતને અપશુકન માનવા લાગ્યા. તેઓ નાનકડી 'હેલેના હાન'ને મુશ્કેલીઓ તથા યાતનાઓ ભોગવવી પડશે તેવી આગાહી કરેલી.

પરંતુ હેલેના તો કંઈક જુદી જ માટીની ઘડાયેલી હતી. તે નાજુક સ્વાસ્થ્ય સાથે ઉછરવા લાગી. મોટી થઈ અને દસ વર્ષની ઉંમરમાં તો એક સફળ ઘોડેસવાર સાબિત થઈ. ૧૫ વર્ષની ઉંમરે તો તે 'કોસેક અશ્વ'ને કાબુમાં કરી શકતી હતી. 'કોસેક ઘોડો' એક વિશિષ્ટ સ્વભાવ ધરાવે છે. તે સામાન્ય રીતે પોતાની મન મરજી મુજબ જ દોડે છે. તો હેલેના પણ પોતાની મન મરજી મુજબ જ આગળ વધી. કેવી અપવાદરૂપ પ્રતિભા ! તેનામાં અદ્વિતીય માનસિક શક્તિઓ વિકસેલી. કુટુંબના સભ્યો તથા મિત્રો પણ હેલેનાની આવી શક્તિઓને લીધે મુંઝાઈ ગયેલાં. તેની ચૈતસિક શક્તિઓ કુદરતી બક્ષીસ હતી. કોઈપણ પ્રકારની બાહ્ય સત્તાને ગણકારતી નહિ. છતાં પણ તે સૌજન્યશીલ અને અત્યંત લાગણીસભર રહેતી. તે અત્યંત હિમ્મતવાન, શુરવીર અને સાથે સાથે રમુજી સ્વભાવ ધરાવતી હતી. તેનામાં દરેક વસ્તુ માટે ચાહના રહેતી. અજાણી અને રહસ્યમય બાબતો માટે તો વિશેષ ચાહના રહેતી. તે અત્યંત આગવી સુઝ ધરાવતી. સંપૂર્ણ રીતે સ્વતંત્ર સ્વભાવને લીધે 'સ્વયંસિદ્ધા' બનતી ગઈ.

**જેસલરાજ રાજેશકુમાર ઠાકરિયાને અમેરિકાની કંપનીમાં જોબ મળ્યાની ખુશી નિમિત્તે**
**સૌજન્ય : શ્રી નરસિંહભાઈ ઠાકરિયા, સનાતન લોજ, સુરત**

ભાષાકીય બાબતોમાં અત્યંત મેધાવી અને ગુણસભર હતી. ચિત્રકામ કરવાનો ગઝબનો શોખ હતો. તે હંમેશા કુદરતનાં વૈવિધ્યપૂર્ણ સ્વરૂપોની અત્યંત બારીકાઈથી રંગોમાં દૃશ્યમાન કરી શકતી હતી. ઘણી નાની ઉંમરથી જ હેલેનાને સમજાઈ ગયું હતું કે તે પોતાનું જીવન સેવાના વિશિષ્ટ કાર્ય માટે સમર્પિત કરવાની હતી અને તે માટે તેને પ્રાપ્ત થનાર વિશિષ્ટ માર્ગદર્શન તથા તેને મળનાર રક્ષણથી વાકેફ હતી.

ઓગષ્ટ મહિનામાં આ મહાન સ્ત્રી નેતાના જીવનના પ્રસંગોમાં થિયોસોફિકલ સોસાયટીના સાહિત્યમાં ઉલ્લેખ કરવામાં આવેલ તમામ ઘટનાક્રમમાં જેમ-જેમ આગળ વધતાં જઈશું તેમ તેમ આપણને સૌને અનોખા પ્રેરણા સ્ત્રોતના દર્શન થયાં જ કરશે અને આવી મહાન સંસ્થાની સ્થાપનાના ઉદ્દેશથી આપણે સૌ સતત ધન્યતા અનુભવ્યાં કરીશું તેમાં કોઈને પણ શંકા રહે જ નહિ.

મેડમ બ્લેવેટ્સ્કીએ કર્નલ ઓલ્કોટ સાથે મળીને જે યુગપ્રવર્તક કાર્ય કર્યું છે, તેનો પ્રકાશ હંમેશા દૈદિપ્યમાન રહે છે. ઓગષ્ટ માસમાં જ કર્નલ ઓલ્કોટને પણ આપણે યાદ કરીએ છીએ. કારણ કે તેમનો જન્મ પણ બીજી ઓગષ્ટે ૧૮૩૨ની સાલમાં થયેલો. હવે પછીના લેખમાં કર્નલ વિશે આપ વાંચી શકશો.

આ સાથે ઓગષ્ટ માસમાં થિયોસોફિકલ સોસાયટીના ત્રીજા પ્રમુખ ડૉ. જ્યોર્જ સી. એરુન્ડેલને પણ શ્રદ્ધા સાથે યાદ કરીએ. તેમનું અવસાન ૧૨મી ઓગષ્ટ, ૧૯૪૫ ના દિને થયેલું. તેમના વિશે પણ આગળના લેખ દ્વારા આપ સૌ વધુ ઘનિષ્ટ પરિચય પ્રાપ્ત કરશો.

• • •

(ધી હિડન સાઈડ... પાના-૧૦ ઉપરથી ચાલુ)

એસ્ટ્રલ જગતનાં દેવો માનવજાતને સમજે છે અને તે એ પણ જાણે છે કે જે-તે વ્યક્તિને તેની સામાન્ય પરિસ્થિતિમાં સલામતપૂર્વક પાછી કેવી રીતે લાવી શકાય છે.

**દેશભક્તિનું મોજું**

હાલનાં સમયમાં દેશભક્તિનાં ગુણ ઉપર ભાર મૂકવો ખૂબ જ જરૂરી છે. આપણે આ ગુણથી હજી વધુ પરિચિત થવાની જરૂર છે. તે કોઈ પૂર્વગ્રહ પણ નથી અને તેના વિષે ખોટો ઘમંડ કરવાની પણ જરૂર નથી. એવાં ઘણાં લોકો છે કે જેઓ બીજા દેશોમાં કોઈ સારી વસ્તુ જોઈ જ શકતાં નથી. તેમને બસ પોતાના દેશની જ બધી બાબતો સર્વોત્તમ લાગે છે. આ દેશભક્તિ નથી પરંતુ મિથ્યાભિમાન છે. તે તેમની વફાદારીની તાકાત નથી પરંતુ તેમની અજ્ઞાનતાની ઊંડાઈ દર્શાવે છે.

સાચી દેશભક્તિ આ બધાથી સાવ વિરોધાભાસી જ છે. એ જાણે છે કે દરેક દેશને પોતાનાં ગુણો અને અવગુણો હોય છે. કોઈ પણ રાજકીય અને સામાજિક યોજના હજી સંપૂર્ણ નથી. મનુષ્ય જેમ પોતાના માતા-પિતા અને પરિવારનો ઋણી છે તેવી જ રીતે તે પોતાનાં દેશનો પણ ઋણી છે. જે-તે દેશમાં મનુષ્યનો જન્મ એ આકસ્મિક નથી પરંતુ તે તેનાં કર્મોનું પરિણામ છે. તેને પોતાના આગળનાં વિકાસ માટે જે-તે દેશમાં જન્મ લેવું જરૂરી હોય છે. તેણે પોતાનાં દેશ પાસેથી માત્ર લેવાનું નથી પરંતુ પોતાના દેશને આપવાનું પણ છે. મનુષ્ય સેવા દ્વારા જ શ્રેષ્ઠ વસ્તુ શીખી શકે છે. તેણે હંમેશા પોતાના દેશની સેવા માટે તૈયારી બતાવવી જોઈએ. પોતાના દેશ માટે થઈને તેણે પોતાના વ્યક્તિગત સ્વાર્થ અને ઈચ્છાઓને ભૂલી જવી જોઈએ. (ક્રમશઃ...)

(મો. : ૮૯૮૦૯૪૨૫૧૫)

**સ્વ. પૂર્ણિમાબેન સી. સોનીના અપ્રતીમ સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી છબીલદાસ કે. સોની (સી. કે. સોની), શ્રીરામ લોજ, હિમ્મતનગર**

# ગિરિ-તળેટીથી

*પ્રસ્તુતિ*
શ્રી નરેશ એ. ત્રિવેદી
*ગુ. થિ. ફે. પ્રમુખ*

*ગતાંકથી આગળ...*

ઘણા લોકો તાર્કિક રીતે સ્વીકારશે કે માનવના બાહ્ય શારીરિક દેખાવમાં જુદાઈ હોઈ શકે. કોઈ ઊંચો તો કોઈ ઠિંગણો, કોઈની ચામડી ગોરી, તો કોઈની શ્યામ કે ઘઉંવર્ણી હોય, તે બધાનું ખાસ કોઈ મહત્ત્વ નથી.કારણ સૌ માનવ જ છે અને સૌ સુખ, દુઃખ અને ઈચ્છા કે મહત્વાકાંક્ષાનો સરખો જ અનુભવ કરે છે. જ્યારે આ હકીકત માત્ર બૌદ્ધિક સ્તરે જ સ્વીકારવામાં આવે છે ત્યારે દૈનિક વ્યવહારિક જીવનમાં વર્તન અને બીજા સાથેના સંબંધમાં સમાનતાનાં વિચારનો વિરોધાભાસ દેખાય છે. જો રોજબરોજના સંબંધમાં ભેદભાવની મનોવૃત્તિ કે જુદાઈનું વલણ રહેતું હોય, તો તે જુનવાણી માનસ ધરાવે છે. જ્યારે ખરેખર અદ્વૈતની ઊંડી લાગણી થાય ત્યારે જ ભ્રાતૃભાવનો પુનરુત્થાન સાચી રીતે અસ્તિત્વમાં આવશે.

પુનરુત્થાન એ સોસાયટીના કાર્યની ચાવી છે. એ કાર્યને યોગ્ય દિશા સૂચન કરે છે. એ સ્પષ્ટતા કરે છે કે શું કરવું જોઈએ અને કયા કાર્ય ઉપયોગી કે સુસંગત નથી. થિયોસોફિકલ સોસાયટીના દરેક કાર્યને ચોક્કસ દિશા હોવી જોઈએ; અને એ દિશા સર્વ પ્રત્યે ઐક્યતા, સહકાર અને લાગણીસભર સંબંધ માટે માનસ પરિવર્તન કરવાની હોવી જોઈએ. થિયોસોફિકલ લોજો અને ગ્રુપમાં ઘણી વખત અભ્યાસવર્ગ અને ચર્ચાઓનું આયોજન થાય છે. આ બધા અભ્યાસનો અર્થ કે હેતુ શું ? આવો અભ્યાસ માત્ર સમય પસાર કરવા કે પછી પહેલેથી જે બૌદ્ધિક વિચાર કે મંતવ્યો ધરાવતા હોય તેનો જ થાય છે જે થિયોસોફિકલ દૃષ્ટિએ કોઈ ઉપયોગનો નથી; અથવા અભ્યાસ અને ચર્ચા એવા પ્રકારના પણ થઈ શકે જે ઘર કરી બેઠેલી માન્યતાઓ અને પૂર્વગ્રહોને દૂર કરી જીવનમાં પરિવર્તન લાવે.

સોસાયટીના ત્રણ મુખ્ય ઉદ્દેશોમાં ''થિયોસોફી'' શબ્દનો ક્યાંય ઉલ્લેખ નથી. તેથી આપણને પ્રશ્ન થાય કે સોસાયટીના આ ત્રણ ઉદ્દેશોને આટલું મહત્ત્વ આપી આગળ વધારવામાં સોસાયટી શું રસ ધરાવે છે. થિયોસોફી જેને બ્રહ્મવિદ્યા પણ કહે છે તે પ્રજ્ઞાન છે, માત્ર માહિતી નથી; તે એવા પ્રકારની માહિતી કે જ્ઞાન છે, તે સાચા વર્તન કે સાચા આચરણથી પ્રદર્શિત થાય છે અને આચરણમાં માત્ર શારીરિક વર્તનનો જ સમાવેશ નથી થતો, તેમાં વિચાર અને લાગણીનો પણ સમાવેશ થાય છે. ખરેખર તો દરેક વ્યક્તિની ચેતનામાં થતા બદલાવનો પણ તેમાં સમાવેશ થાય છે. પ્રજ્ઞા પામવી એ પોતાના પુનરુત્થાનથી જરાય અલગ નથી.

જો કે સોસાયટીનું કાર્ય વૈશ્વિક વાતાવરણમાં એટલે કે સમગ્ર જગતમાં કરવાનું હોય છે; તેથી દરેક લોજ કે કેન્દ્રનું પણ એવું જ વાતાવરણ હોવું જરૂરી છે કે જેથી કોઈ પણ વ્યક્તિ પછી તે પશ્ચિમના દેશનો હોય કે પૂર્વના દેશનો હોય, ક્રિશ્ચન હોય કે મુસ્લિમ હોય, કાળો હોય કે ગોરો હોય, સ્ત્રી હોય કે પુરુષ હોય દરેકને મિટીંગમાં ભાગ લેવામાં સમાનતાની ઉષ્માભરી લાગણી થાય અને દરેક સારો આવકાર પામતા હોય તેવું અનુભવે અને કોઈ ખાસ લોકોના સમુહને જ અસર કરે તેવા કાર્યક્રમ પણ ના હોવા જોઈએ. એવા પણ થોડા સભ્યો છે જેઓ

**સ્વ. ધર્મિષ્ઠાબેન તરુણકુમાર દેખ્તાવાલાના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી તરુણકુમાર એમ. દેખ્તાવાલા, રેવા લોજ, વડોદરા**

કહે છે કે પશ્ચિમમાં જ્ઞાનની પરંપરા જ છે, તેથી તેઓને પૌરાત્ય વિચારસરણી તરફ વાળવાની કોઈ જરૂર નથી. જ્યારે બીજાઓ એવા વિચાર ધરાવે છે કે પૂર્વની વિચારધારામાં જીવનને સંબંધિત સર્વ જરૂરી શિક્ષણ આવી જાય છે અને તેથી ભગવદ્ ગીતા અને ઉપનિષદોનો અભ્યાસ કરવો જ પુરતું છે. આવી બાબતને કારણે દરેક ગ્રુપ પોતાના જ વાડામાં બંધાયેલા રહે છે; અને બીજા તરફ દરવાજા બંધ કરી દે છે. આ વસ્તુ સોસાયટીના મૂળભૂત મહત્ત્વના હેતુની વિરુદ્ધની છે.

સોસાયટીના દરેક સેક્શન, ફેડરેશન અને લોજ તેના પ્રાદેશિક વિસ્તારમાં સોસાયટીનું પ્રતિનિધિત્વ કરે છે. તેથી સોસાયટીની ખાસ લાક્ષણિકતાઓ અને વિશેષતાઓને મૂર્તિમંત કરવા વૈશ્વિક સહકાર વધારવા કાર્ય કરવું જોઈએ. તેમ છતાં વૈશ્વિકતાનો અર્થ એવો નથી કે વહેમ, અંધશ્રદ્ધા કે બાલિશ ક્ષુલ્લક માન્યતાઓમાં વધારો કરે તેવી દરેક પ્રકારની પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવું કે પછી સોસાયટીની પ્રવૃત્તિના ભાગરૂપ બનાવી દેવું. સોસાયટી ક્યારેય ધાર્મિક, સાંપ્રદાયિક પૂજાનું તત્ત્વજ્ઞાનનું કે બીજી પ્રવૃત્તિનું મંચ ના બની શકે. તેથી હંમેશા દરેક બાબતમાં વિવેકપૂર્વક વિચારવું જોઈએ; અને એનો અર્થ એટલો જ કે આપણે જે નવી વિચારસરણી માટે બોલીએ તેમાં કઈ બાબત ઉપયોગી થશે તે શોધી કાઢવું જોઈશે.

સોસાયટીના બીજા ઉદ્દેશમાં ધર્મના તુલનાત્મક અભ્યાસની વાત છે, તે કોઈ રીતે એવો નિર્દેશ કરવા માટે નથી કે બધા ધર્મો અને બધા ઉપદેશો કે શિક્ષણો સારા જ છે. બધા જ ધર્મોમાં માન્યતાઓ અને ક્યારેક અંધશ્રદ્ધા જેવું હોય છે અને તેના મૂળ સ્વરૂપમાં વધારાનો ઉમેરો કરેલ હોય છે, જે કોઈ રીતે જીવનમાં ઉપયોગી બનતું નથી અથવા તો એમ પણ કહી શકાય કે તે ઈચ્છનીય હોતું નથી. જો જુદા જુદા ધર્મના અનુયાયીઓને થિયોસોફિકલ લોજમાં પ્રવચન માટે કહેવામાં આવે તો તેઓ તેમની રૂઢિવાદી માન્યતાની દૃષ્ટિએ સંકુચિત વિચારની જ વાત કરશે. આ સોસાયટીના કાર્યને કઈ રીતે સહાય કરી શકે ? એક રીતે એ સારું છે કે દરેક ધર્મમાં જે મૂલ્ય ધરાવતું હોય તેની કદર કરવી, પરંતુ સાથે સાથે એ ખૂબ જરૂરી છે કે જે લોકોને પ્રેમાળ, નિઃસ્વાર્થી અને વધારે સમજણવાળા બનાવે માત્ર એવી જ બાબતનો વિવેક કરવો અને તેને પ્રોત્સાહન આપવું. જે કોઈ થિયોસોફિકલ સોસાયટીમાં દાખલ થાય, તેઓ માનવી અને તેના સંબંધમાં આવતા સર્વ કુદરતના સર્જન માટે તેમની આંતરદૃષ્ટિ ખીલવવા શક્તિમાન હોવા જોઈએ, અને આ ખૂબ જરૂરી છે. જે પ્રવચનોના સારરૂપ અસરથી સમાજમાં જુદાઈના ભાવ જાગે, અંધશ્રદ્ધા અને માન્યતાઓમાં વધારો થાય તે થિયોસોફિકલ સોસાયટી માટે ઉપયોગી નથી.

બીજુ, બધી હકીકતોમાં એક વાત એ સામે આવે છે કે દરેક વ્યક્તિને પોતાને માટે સત્ય જોવાની દૃષ્ટિ જુદી હોય છે. સૂર્યાસ્તની સુંદરતાનું વર્ણન કોઈએ ગમે તેટલું સારું કર્યું હોય, પણ બીજાને તો તે સુંદરતાનો અનુભવ થઈ શકે નહિ. વર્ણન એ માત્ર અંગુલિદર્શન કરાવી શકે. બીજાના વિચારનું અનુકરણ કે પછી કોઈ માન્યતાને સમર્થન કરવું એ મૂળ વસ્તુ જોવાની – મૂળ દૃષ્ટિની સરખામણી કે બરોબરી કરી શકે નહિ. દરેક માટે જોવાનું સાધન પોતાની ચેતના છે. જગતમાં અમુક બાબતો એવી છે જે બીજાને બદલે કોઈ કરી શકે નહિ. જેમકે કોઈ બિમાર હોય, તો તેને બદલે બીજો દવા ખાય, તો તેને કોઈ ફાયદો નહિ. તેવી જ રીતે કોઈ વ્યક્તિ બીજાને પોતાને લીધેલું ગહન સત્ય આપી કે સમજાવી શકે નહિ. તે માટે જ્યાં સુધી બીજી વ્યક્તિ

સૌજન્ય : શ્રીમતી સુશિલાબેન હરિવદન છીંકણીવાળા તથા પ્રો. શ્રી હરિવદન છીંકણીવાળા

પોતે જ તે માટે પોતાની જાતને સત્યના દર્શન કરવા જેટલી તૈયારી ના કરી શકે. અને એ માત્ર ત્યારે જ બને જ્યારે તેની ચેતના શુદ્ધ, પવિત્ર, લાગણીસભર અને સૂક્ષ્મ અને ગહન દૃષ્ટિવાળી થાય અને જીવનનું પરમ સત્ય જાણવાને ખરેખર શક્તિમાન થાય. માટે દરેક વ્યક્તિએ પોતાની આંતરદૃષ્ટિ કોઈ પણ જાતના વિક્ષેપ વગર જોઈ શકે તેવી શુદ્ધ કરવી જોઈએ અને સભાનપણે પોતાની ચેતના પ્રકાશ પામી શકે તેવી તૈયાર કરવી જોઈએ. અને આ શુદ્ધિ એટલે અહંકાર બિલકુલ નિર્મૂળ થાય એવી નિરંકારી નિર્મળ બનાવવી જોઈએ. માટે જ **H.P.B.** કહે છે નૈતિકતા એ થિયોસોફીનો આત્મા છે. અશુધ્ધ મન બહુ ચતુર હોય છે અને સરસ રીતે વિચારો પ્રદર્શિત કરી શકે, પણ તે બધુ નકામું છે, તેનો કોઈ અર્થ નથી.

આમ થિયોસોફિકલ કાર્ય માટે પોતાની જાતને પ્રથમ તૈયાર કરવી એ જ મહત્ત્વનું છે. એ મહત્ત્વનું છે કારણ કે જ્યારે સત્યના દર્શન પામવાને આરે આવે છે, ત્યારે તેના જીવનમાં બધું જ બદલાઈ જાય છે અને એ પોતામાં અને તેની આસપાસનામાં પણ બદલાવ માટે એક જાતની શક્તિ વિકાસ પામે છે. જીવનમાં ઘણી બાબત જોવા અને જાણવાની છે. એ બધામાં ખૂબ મહત્ત્વની બાબત જો કોઈ હોય તો તે છે જીવનનો મર્મ સમજવાની અને સૃષ્ટિમાં રહેલ અનેક જીવોના પરસ્પર સાચા સંબંધો જાણવાની બાબત જ મહત્ત્વની છે. જે જીવનનો મર્મ જોવે અને જાણે છે, તે પછી ખંડનાત્મક કે વિનાશક બની શકતો નથી. એક વ્યક્તિ કે જે પુષ્પની કોમળતા જાણે છે, પુષ્પમાં સુંદરતા જોવે છે. સુંદરતા એ પણ મર્મ જોવાની રીત છે. તે પુષ્પને ખૂબ કાળજીથી અને નાજુકતાથી સ્પર્શ કરશે અને તેનો તેની સાથેનો સંબંધ પણ લાગણીસભર રહે છે. પરંતુ જે પુષ્પમાં સુંદરતા, કોમળતા, સર્વોત્કૃષ્ટતા અને તેના અસ્તિત્વનો અર્થ જાણતા નથી; તે પુષ્પને તોડી ફેંકી દે છે. પરંતુ જે જીવનનો ઉદ્દેશ જાણે છે, તે ક્યારેય વિનાશક બનતો નથી. સત્યને જાણનારો કે સત્યદૃષ્ટિવાળો પ્રેમાળ અને કરુણાસભર હોય છે. સામાન્ય મનુષ્યની મુશ્કેલી એ છે કે તે જીવનનો ઉદ્દેશ જાણવા જ તૈયાર નથી હોતો. મોટભાગના લોકો કોઈ વ્યક્તિ કે વસ્તુને ખાસ મહત્ત્વ આપે છે, પછી તેને વળગી રહે છે, તેની સાથે તાદાત્મ્ય સાધે છે. આ તેમના મૂળભૂત સ્વભાવની સાચી જાગૃતિ નથી. આવું વળગણ તે વ્યક્તિ કે વસ્તુ પાસેથી સ્થૂળ કે માનસિક કાંઈક લાભ મેળવવાના આશયથી થાય છે. જ્યારે મન શુદ્ધ અને લાગણીશીલ હોય એટલે કે જ્યારે તે ખરેખર સત્ય જોવાને કે સત્ય પારખનારને શક્તિમાન હોય, ત્યારે તે સર્વ કોઈના જીવનનો ઉદ્દેશ જોઈ-જાણી શકે છે. કારણ કે સર્વ જીવન અર્થસભર છે. માટે મનને જોતા શીખવું અને તે આંતરદૃષ્ટિથી જોવાનું થવું જોઈએ.

તેથી કોઈ પણ જાતની પ્રવૃત્તિ, કાર્યક્રમ અથવા શિક્ષણ કે જેમાં આત્મશુદ્ધિ અને સાચી દૃષ્ટિની ઉપેક્ષા થતી હોય, એટલે કે જે પ્રવૃત્તિમાં આત્મશુદ્ધિ કે સત્યશોધન જરૂરી લાગતું ના હોય, પરંતુ બીજું બધું ખોટી માન્યતા, તાબેદારી, પરાવલંબન, આજ્ઞાપાલનને સમર્થન આપી પ્રોત્સાહિત કરે, એ થિયોસોફિકલ સોસાયટીના આદર્શ સાથે સુમેળભર્યું નથી. આપણી કોઈ પ્રવૃત્તિ એવી ના હોવી જોઈએ કે જેના પરિણામે આપણી સ્વતંત્ર વિચારસરણી બંધ થઈ જાય, બીજા લોકોને આપણા વતી વિચારવા દેવા અને સત્ય શું છે તે આપણને કહે. આ માટે જ સોસાયટીએ સત્તાવાર જાહેરાત કરી છે કે ના તો **H.P.B.** કે ના બીજી કોઈ પણ વ્યક્તિ પ્રમાણભૂત નથી કે જેનું કહેવાયેલ થિ.સો.ના સભ્યોએ સત્ય તરીકે સ્વીકારવું જ પડે. અમુક લોકોએ કહેલું કદાચ વધુ મૂલ્ય ધરાવતું હોય, પરંતુ થિયોસોફિકલ

**ૐ નિવા ઇચ્છા અંબુ શ્રીમતિ સુલોચનાબેન ગોવિંદભાઈ અં. મોદીના ૐ શ્રી રાધેકૃષ્ણ એકૈશ**
**સૌજન્ય : જયેશ, રૂપલ, કિશન, શ્રેયા, યશ (U.S.A.), મનીષ, નૈના, સૃષ્ટિ, અનુશ્રી શાહ પરિવાર, અમદાવાદ લોજ**

સોસાયટીનું બધુ જ સાહિત્ય માત્ર વિચારવા માટે, માત્ર દિશા સૂચન કરવા માટે જ પ્રસ્તુત કરવામાં આવેલ છે. દરેકે દરેક વ્યક્તિએ વાંચન દ્વારા મેળવેલ માહિતી પર ઊંડી વિચારણા કરી, તેને પોતાના સાચ્ચા જીવન અને સંબંધોના પરિપેક્ષ્યમાં ધ્યાનમાં રાખી, તે મુજબ આચરણમાં મૂકવા પ્રયોગ કરી, પોતાના જીવનને લગતા પ્રશ્નો સમજવા પ્રયત્ન કરવો જોઈએ. જો આવી રીતે જાત તપાસ કર્યા પછી જો તે સાચુ અને ઈચ્છવા યોગ્ય લાગે તો તેનો જુદો જ અર્થ સમજાશે. તેથી દરેક બાબતની સ્વતંત્ર તપાસ કરવી, તેના પર ગહન વિચારણા કરવી, મન ખુલ્લુ રાખવું અને પોતાના માટે જવાબદારી ઉઠાવવાની સદાય તૈયારી જાળવી રાખવી, એ જ થિયોસોફિકલ કાર્યનો મહત્ત્વનો ભાગ છે.

સોસાયટીના બધા જ કાર્યો અનામી રહીને કરવાનો જુસ્સો રાખવો જોઈએ, નહિ કે પોતાની આત્મ પ્રશંસા વધારવાની ભાવનાનો. આપણે સોસાયટીમાં એવા વ્યક્તિત્વ ઊભા કરવા નથી માંગતા કે જેના ખભા પર આપણી પોતાની પ્રગતિની જવાબદારી મૂકી શકાય. દરેક વ્યક્તિ પોતાના કાર્ય માટે જવાબદાર છે. કોઈ સુધારણા કે નવજીવનનાં વિચારનો વિરોધ જ કરવાનો જેનો સ્વભાવ છે, તેને અહંકારી કે અભિમાની તરીકે ઓળખી શકાય. અજ્ઞાનનું મુખ્ય લક્ષણ "હું"પણું છે; જે અનેક જુદી જુદી રીતે પ્રગટ થાય છે. તે માત્ર પૂર્વગ્રહો અને આક્રમકતાના રૂપમાં જ દેખા દે છે એવું નથી, પણ આત્મસંતોષ અને સ્વકેન્દ્રીયતાના રૂપમાં પણ જોવા મળે છે. જો એ મનના ઊંડાણમાં શાંત સ્વરૂપે પણ રહેલ હોય, તો તક મળતા જ ગમે ત્યારે તે ફૂટી નીકળે છે, અને મોટો વિનાશ કરી મૂકે છે. એક શક્તિશાળી વ્યક્તિ તરીકે, ગુરુ તરીકે, એક નિપુણ પ્રવચનકાર કે નીડર નેતા તરીકે જાણીતા થવાની પ્રબળ ઈચ્છા એ પણ અહંકાર અને સ્વાર્થ જ છે. જે સામાજિક વ્યવસ્થાને નુકસાન પહોંચાડે છે, તે પણ અહંકારી વર્તન જ છે. તેટલા માટે આપણી થિયોસોફિકલ સોસાયટી આવા અહંકારને પોષવાનું માધ્યમ ક્યારેય ન બનવી જોઈએ. આત્મ સમર્પણ અને માનવ સેવાની ભાવના એ સોસાયટીનાં ઉદ્દેશો પાર પાડવાના મહત્ત્વનાં અંગો છે.

જ્યાં સુધી મહત્ત્વનાં આ જરૂરી તત્ત્વોની સોસાયટીના કાર્યમાં જાળવણી નહિ થાય, ત્યાં સુધી માત્ર પ્રચારથી કાંઈ વળવાનું નથી. માત્ર પ્રચાર સોસાયટીનાં ઉદ્દેશો પાર પાડવામાં બહુ ઉપયોગી નહિ જ થાય. પરંતુ જો કાર્યની પાછળનો હેતુ શુદ્ધ અને સારો હશે તો યોગ્ય માધ્યમ હેતુ પાર પાડવામાં ઉપયોગી થશે. તેથી સોસાયટીનાં મૂળ ઉદ્દેશની સમજણ એ પાયાની મહત્ત્વની બાબત છે. આપણે જે કાંઈ કરીએ, તે સોસાયટીનું થિયોસોફિકલ કાર્ય બનતું નથી, પણ આપણા મનના વિચારોની ગુણવત્તા અને સાચી સમજણનું સામર્થ્ય અને નિઃસ્વાર્થ ભાવના જે આપણા કાર્યમાં લાવીએ છીએ, તેજ કાર્યને થિયોસોફિકલ કાર્ય બનાવે છે. જ્યારે આવાં ગુણો હોય ત્યારે આધ્યાત્મિક પ્રભાવ કાર્યને અસર કરે છે અને બીજા લોકોને પણ રૂપાન્તર કરવામાં મદદરૂપ થાય છે. તેથી થિયોસોફિકલ સોસાયટીના સભ્યો એવા લોકો હોવા જોઈએ કે જેઓ વિચારોની સ્વતંત્રતા માટે મુક્ત વિચારસરણી માટે કાર્ય કરતા હોય; અને જેઓ સહકારની ભાવનાથી પ્રેરિત હોય અને પરસ્પર શુભ લાગણી ધરાવતા હોય. ભારતમાં ૧૦૦૦ થાંભલીઓવાળું મંદિર છે. દરેક થાંભલીનું આગવું મહત્ત્વ છે, કેમ કે તે દરેક થાંભલી મંદિરના તેટલા ભાગનું વજન ઉપાડે છે. થિયોસોફિકલ સોસાયટીનું કાર્ય પણ તેના જેવું છે કે જેમાં દરેક સભ્ય પોતાને ભાગે આવતી જવાબદારી નિભાવે છે.

• • •

(મો. : ૯૮૭૯૦૬૫૨૦૦)

**સ્વ. હર્ષવીણાબેન હસમુખભાઈ પંડ્યાના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી હસમુખભાઈ જે. પંડ્યા, અમદાવાદ લોજ**

# ધી હિડન સાઈડ ઓફ ધી થીંગ્સ

વસ્તુઓની ગૂઢબાજુ

સી.ડબ્લ્યુ.લેડબીટરના પુસ્તક પર આધારિત

પ્રસ્તુતિ
શ્રી ધવલ શેઠ
રોહિત લૉજ

*ગતાંકથી આગળ...*

### ધાર્મિક પુનરુત્થાન

મોટાભાગનાં કિસ્સાઓમાં વડગાળ લગાડનાર વ્યક્તિ વડગાળ પામનાર વ્યક્તિનાં જ ધર્મનો અને તેનાં જેવી જ પ્રકૃતિનો હોય છે અને આથી જ આપણને થોડા સમય પૂરતું એક જ શરીરમાંથી બે આત્માઓ કાર્ય કરતાં જોવા મળે છે. તેઓ એકઠાં થયેલાં જૂથ કે ટોળાં પર બમણી તીવ્રતાથી અસર કરી શકે છે. આ અસર ખૂબ જ ચેપી હોય છે. કેમ કે આ અસર એવાં લોકો પર થતી હોય છે કે જેમની લાગણીઓ પર કોઈ બુદ્ધિનો કાબૂ હોતો નથી, વડગાળ લગાડનાર વ્યક્તિને એવાં બીજા ઘણાં લોકો મળી રહે છે કે જેઓની લાગણીઓ પર તેમનો કાબૂ હોતો નથી.

જેટલા વધુ લોકો આમાં જોડાતા જાય છે તેટલું તેની શક્તિમાં વધારો થતો જાય છે અને જોત જોતામાં એસ્ટ્રલ જગતમાં ખલેલ ઉત્પન્ન થાય છે કે જેનાથી એક વિશાળ વમળ ઉત્પન્ન થાય છે. આ વમળ તરફ બધી જ દિશાઓમાં એસ્ટ્રલ જગતનાં જીવો ખેંચાય છે કે જેમની એક ઈચ્છા ઉત્તેજના કે આવેગની હોય છે. આવા જીવોમાં માત્ર મનુષ્ય યોનીનાં જીવો નહીં પરંતુ નેચર-સ્પિરીટ્સનો પણ સમાવેશ થાય છે. જેવી રીતે નાના બાળકોને પાણીમાં છબછબિયાં કરવાની મજા પડે તેવી જ રીતે આ જીવોને તોફાની ઉત્તેજનાનાં તરંગોમાં નાહવાની મજા પડે છે. આવાં જીવોને કારણે આ વમળની શક્તિમાં સતત વધારો થતો રહે છે.

અહીં લાગણીઓ વ્યક્તિગત હોવાથી તે ઉચ્ચ પ્રકારની હોતી નથી. અહીં જીવો માત્ર પોતાના સ્વાર્થ ખાતર આવેલાં હોવાથી લાગણીઓનો મોટો ભાગ સ્વાર્થી જ હોય છે. આથી, આમાં જોડાતાં નેચર-સ્પિરીટ્સ પણ તેટલાં નિમ્ન સ્તરનાં જ હોય છે. તેમની બુદ્ધિક્ષમતા કે સમજણ એટલી વિકસીત હોતી નથી કે તેઓ ભાગ લેનાર મનુષ્ય જીવો વિષે કંઈ વિચારી શકે. તેઓ ઈચ્છે તો પણ મનુષ્ય જીવોને આવાં ગાંડપણભર્યા આવેશ અને તેનાં પરિણામોમાંથી બચાવવામાં સક્ષમ હોતાં નથી.

આવી પ્રક્રિયાની છૂપી બાજુ દિવ્ય દૃષ્ટાને કંઈક આવી રીતે દેખાય છે. તે જુએ છે કે ઘણાં બધાં મનુષ્યોનાં ઉચ્ચ વાહનો તેમનાં કાબૂની બહાર હોય છે. આ વાહનો થોડાં સમય પૂરતાં તેમનાં રહેતાં નથી પરંતુ તેમનો ઉપયોગ આ પ્રક્રિયાની ઉર્જામાં વધારો કરવા માટે થાય છે. આ બધાં જ લોકો પોતાની લાગણીઓને બહાર ફેંકે છે. જેનાથી એક વિશાળ એસ્ટ્રલ વમળ બને છે કે જેમાં નેચર-સ્પિરીટ્સ ઉન્માદમાં આવીને નહાય છે. તેઓ આ આનંદમાં પોતાની જાતને સંપૂર્ણપણે ભૂલાવી દે છે કે જેના વિષે મનુષ્યો કશું જ જાણતાં નથી. થોડાં સમય પૂરતું તેમનું આખું શરીર એક જંગલી ઉન્માદ બની રહે છે. આ લાગણીની અસર ભાગ લેનાર મનુષ્યો પર થાય છે અને તેમને પણ અત્યંત ઉન્માદનો અનુભવ થાય છે.

અહીં નેચર-સ્પિરીટ્સ તેમનાં માનવ ગુલામોમાં એક યા બીજા પ્રકારની તીવ્ર લાગણીઓ જોવા ઈચ્છતા હોય છે. આ લાગણીઓ ધાર્મિક છે કે જાતિય છે તેનાથી

સ્વ. કલાબેન કાંતિલાલ પટેલના સ્મરણાર્થે
સૌજન્ય : શ્રી કાંતિલાલ પી. પટેલ, સનાતન લોજ, સૂરત

તેમને કોઈ જ ફરક પડતો નથી. તેમને આવી લાગણીઓ વચ્ચેનાં ભેદની પણ સમજણ હોતી નથી. ભાગ લેનાર માનવીઓ માટે તે ફાયદાકારક છે કે નુકસાનકારક તેનાથી તેઓ અજાણ હોય છે. આવાં નેચર-સ્પિરીટ્સ માટે આ સમગ્ર ઘટના એક જંગલી અને ગાંડપણ ભરેલી પાર્ટી જેવી હોય છે. મોટાભાગનાં લોકો અહીં ઉત્પન્ન થતી લાગણીઓને સારી ગણે છે. પરંતુ નેચર-સ્પિરીટ્સને આ બાબતોથી કોઈ જ ફરક પડતો નથી. તેમને તો માત્ર આ ઉન્માદમાં જ આનંદ આવતો હોય છે. કોઈ મનુષ્ય એકલો ઉન્માદનાં આવાં સ્તરે પહોંચી શકતો નથી, તેનાં માટે બહુ જ મોટા સમૂહની જરૂર પડે છે. શક્ય હોય ત્યાં સુધી મનુષ્યએ આવી પ્રક્રિયાનો ભાગ બનવું ન જોઈએ.

ઘણીવાર મનુષ્યનાં જીવનમાં અચાનક પરિવર્તન આવી જતું હોય છે જેનાથી તે વધુ સારો બને છે. 'પરિવર્તન' એ એક ઉમદા શબ્દ છે. તેનાથી મનુષ્ય જે માત્ર પોતાના માટે જ જીવતો હોય છે તેને સમજાઈ જાય છે કે ઈશ્વરે તેના માટે એક યોજના ઘડેલી જ છે. આ યોજનાને અનુરૂપ ઘડાઈ જવું એ તેની ક્ષમતામાં છે જ. જ્યારે તેને આ સમજાઈ જાય છે ત્યારે તે દિવ્ય ઈચ્છા મુજબ જીવવાનું શરૂ કરી દે છે.

જીવનનાં તથ્યોનાં આ જ્ઞાનને પૂર્વમાં વિવેકની પ્રાપ્તિ તરીકે ઓળખવામાં આવે છે. ઘણીવાર તેને મનનાં દ્વાર ખુલવા સાથે પણ સરખાવવામાં આવે છે. આ એક ધીમી પ્રક્રિયા છે. ઘણીવાર મનુષ્યનાં જીવનમાં અચાનક જ આ ઘટના ઘટે છે અને તેનું અચાનક જ પરિવર્તન થાય છે. પરંતુ તેની તૈયારી તે જે-તે મનુષ્ય તેનાં આગલાં ઘણાં જન્મોથી કરતો આવતો હોય છે. તેનું આવું પરિવર્તન અચાનક હોવા છતાંય કાયમી બની રહે છે.

પહેલાં પણ વર્ણવવામાં આવ્યું છે તે પ્રમાણે ધાર્મિક પુનરુત્થાનનાં મેળાવડાનું ભાવનાત્મક પાસુ ખૂબ જ મજબૂત હોય છે. જે મનુષ્ય તૈયાર હોય છે તેનાં પરિવર્તન માટે તે પૂરતો ધક્કો પૂરો પાડે છે પરંતુ જે મનુષ્ય હજી પરિવર્તન માટે તૈયાર નથી તેના પર પણ તે અસર કરે છે. તેની કાયમી અસર એક સરખી હોતી નથી. આ કિસ્સામાં મનુષ્ય પરિવર્તન માટે ખરેખર તૈયાર હોતો નથી. તેની નિમ્ન પ્રકૃતિની શક્તિઓ તેનાં કાબૂમાં હોતી નથી અને જો ધાર્મિક પુનરુત્થાનની શક્તિની તેના પર અસર થાય તો પણ જેમ જેમ આ અસર ઓછી થતી જાય તેમ તેમ તે પાછો પોતાની પહેલાની અવસ્થામાં આવતો જાય છે. આમાં તેનો વાંક નથી. નિમ્ન પ્રકૃતિને કાબૂમાં રાખવા માટેની શક્તિ ખૂબ જ ધીમે ધીમે વિકસે છે. ક્ષણભરના ઉત્સાહ માત્રથી તેને કાબૂમાં લાવી શકાય છે તે માનવું યોગ્ય નથી. જે કોઈ પણ વ્યક્તિમાં આ ક્ષમતા હોય છે તેમાં આ શક્તિ ખૂબ જ લાંબા સમયથી વિકાસ પામી રહી હોય છે.

ત્વરિત કે અચાનક પરિવર્તનની શક્યતાનો અહીં નકાર કરવામાં નથી આવતો, ધાર્મિક પુનરુત્થાનનાં મેડાવળામાં જે ભક્તિભાવનો ઉત્સાહ ઉછે છે અને તેમાંથી જે કોઈ પણ સારું બહાર આવે છે તે શક્યતાને પણ નકારી ન શકાય. પરંતુ આવા મેડાવળાની સામાન્ય અસર તેમજ તેમાં ભાગ લેતાં મનુષ્ય સિવાયનાં બીજા જીવો પણ તેટલા જ સત્ય છે અને આ કારણથી જ ગૂઢવિદ્યાનાં અભ્યાસુએ આવા મેળાવડાઓને અવગણવા જોઈએ.

અમુક જૂજ કિસ્સામાં જ્યાં એક મોટો સમૂહ નિઃસ્વાર્થ ભાવનાથી ભેગો થાય છે ત્યાં એસ્ટ્રલ જગતનાં દેવો પણ ભાગ લે છે. તેમનાં માર્ગદર્શન હેઠળ ઉત્પન્ન થતાં ક્ષણિક તરંગો સલામત અને મદદરૂપ હોય છે.

*(અનુસંધાન પાન-૦૪ ઉપર)*

**સૌજન્ય : સ્વ. નિર્મળાબેન જી. સોનેજીના સ્મરણાર્થે !**
**સ્વ. શ્રી ઘનશ્યામભાઈ જે. સોનેજીના સ્મરણાર્થે, અમદાવાદ લોજ**

પ્રસ્તુતિ
શ્રી દર્શન મોદી
મંત્રી, ગુજ. થિયો. ફેડ.

# મંત્રીશ્રીનો જરૂરી પત્ર

સર્વ સભ્યોને માટે ફી અંગેની તથા અન્ય જરૂરી સૂચના જે ઈન્ડિયન સેક્ષનના બંધારણમાં થયેલ ફેરફારને આધિન છે તે અંગેની રજૂઆત કરવામાં આવે છે.

(ગત જુલાઈ-૨૦૨૧ના અંકમાં 'મંત્રીશ્રીનો જરૂરી પત્ર' લેખ દ્વારા 'ફી' અંગેની જરૂરી સૂચના છાપવામાં આવેલી જેમાં નીચે પ્રમાણેના ફેરફારો થયા છે જે ધ્યાનમાં લેશો)

સર્વે લોજ પ્રમુખશ્રી/મંત્રીશ્રી

વિષય : ઈન્ડિયન સેક્ષનની બંધારણમાં થયેલ ફેરફાર બાબત...

આથી સર્વેને જણાવવાનું કે ઈન્ડિયન સેક્ષનનાં બંધારણમાં નીચે દર્શાવેલ ફેરફાર તા. ૧૮ ડિસેમ્બર, ૨૦૨૦ થી અમલમાં આવેલ છે જેની સર્વે લોજ પ્રમુખો / મંત્રીઓએ નોંધ લઈ અમલ કરવા વિનંતી.

(૧) વાર્ષિક ફી એડવાન્સમાં ભરવાની થાય છે અને વર્ષની શરૂઆત ૧લી ઓક્ટોબરથી હોવાથી દરેકની સભ્ય ફી 30 સપ્ટેમ્બર પહેલાં વારાણસી પહોંચાડવી જરૂરી છે.

(૨) પરિણીત યુગલ (કપલ સભ્યો) માટે અપાતી રાહત બંધ કરવામાં આવી છે.

(૩) 'ઈન્ડિયન થિયોસોફિસ્ટ'નું લવાજમ પણ હવેથી દર વર્ષે નિયમિત ભરવાનું રહેશે. તેમાં 'આજીવન લવાજમ' બંધ કરવામાં આવેલ છે.

(૪) નવા દાખલ થવા માંગતા સભ્ય પછી તે લોજ સાથે જોડાયેલાં રહેવા માંગતા હોય કે સીધા વારાણસી સાથે; તેનો નિર્ણય વારાણસી, ભારત વિભાગના પ્રમુખ, કારોબારીને જાણકારી આપી શકશે.

(૫) કોઈ પણ લોજ પોતાની લોજના 'આજીવન સભ્ય' તરીકે કોઈને રાખી શકશે નહિ.





## -: મહા સૌજન્ય :-

અમદાવાદ લોજ, અમદાવાદનાં મંત્રીશ્રી ભરતભાઈ વી. ચુડાસમા પોતાના સ્વ. માતૃશ્રી નર્મદાબેન વિઠ્ઠલદાસ ચુડાસમાની સ્મૃતિમાં મહા સૌજન્ય વ્યક્ત કરતાં રૂા. ૫૦૦/- 'જ્યોતિ પ્રકાશન ફંડ' માટે ભેટ સ્વરૂપે આપે છે. આભાર સહ સ્વીકૃતી !

**સૌજન્ય : શ્રી ફખરૂદ્દીનભાઈ ટી. કપાસી**
**ભાવનગર લોજ**

# યુગ પુરુષ વંદના

પ્રસ્તુતિ
શ્રી દર્શન મોદી
*મંત્રી, ગુજ. થિયો. ફેડ.*


કર્નલ ઓલ્કોટ

## કર્નલ હેન્રી સ્ટીલ ઓલ્કોટ

વૈશ્વિક ચેતનાનાં પ્રકાશ પૂંજ તારકવૃંદના પ્રકાશ જેવા છે. જેમ આકાશના તારલાઓના પ્રકાશને આપણાં સુધી પહોંચતા અનેક વર્ષો લાગે છે તેમ મનુષ્યના વિચારબીજ અંકુરિત થયા પછી ઘણા અંતરાલ અને યોગ્ય માહોલના નિર્માણ થયે સાકાર સ્વરૂપે પ્રગટ થતાં હોય છે.

'થિયોસોફી'ની જ્યોત વર્ષો પહેલાં પ્રકટ થઈ અને ધીરે ધીરે તેનો વ્યાપ વૈશ્વિક સ્તરે ફેલાતો ગયો. આજે આ શબ્દ નવો લાગતો નથી પણ તે સમયે અર્થાત્ ૧૮૭૫ દરમિયાન આ શબ્દ નવો ભાસતો રહ્યો હતો. યુરોપીયન દેશો અને અમેરિકા જેવા રાષ્ટ્રોમાં જ્યારે ધાર્મિક કે સાંપ્રદાયિક અંધાધૂંધી ફેલાયેલી હતી અને લોકમાનસ ભ્રમિત થઈ ચૂક્યું હતું ત્યારે ધર્મ કે સંપ્રદાયનું વાસ્તવિક સ્વરૂપ અંધશ્રદ્ધા, મિથ્યાચારોથી ખદબદી ઉઠ્યું હતું. વૈશ્વિક સ્તરે "વિશ્વબંધુત્વ"નો વિચાર કરનાર થિયોસોફિકલ સોસાયટી હતી. માનવ સેવાને શ્રેષ્ઠ માની વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી વિચાર થિયોસોફિકલ સોસાયટીએ કર્યો હતો.

થિયોસોફિકલ સોસાયટીનાં આદ્યસ્થાપક કર્નલ ઓલ્કોટ સાહેબનું નામ સદૈવ પ્રાતઃ સ્મરણીય રહ્યું છે. થિયોસોફીનાં આ આર્ષદ્રષ્ટા, મહામાનવનો જન્મ અમેરિકાના ઓરેન્જ, ન્યૂજર્સીમાં બીજી ઓગષ્ટ ૧૮૩૨માં થયો હતો. બાળપણથી જ તેઓ કૃષિવિદ્યા પ્રત્યે વિશેષ અનુરાગી હતા. તેમણે માત્ર ૨૩ વર્ષની વયે બનાવેલી આદર્શ વાડી એક નમૂનેદાર અને ઉલ્લેખનીય કરી છે. આ કાર્ય વડે બહુ જ નાની વયમાં તેઓ આંતરરાષ્ટ્રીય સ્તર પર વિખ્યાત બની ગયા અને તેમના આ પ્રશંસનીય કાર્યને ધ્યાનમાં રાખી ગ્રીકની એથેન્સ યુનિવર્સિટીના કૃષિ વિભાગના અધ્યક્ષ તરીકે કાર્ય કરવા આમંત્રિત કર્યા હતા જેનો તેમણે ઈનકાર કર્યો હતો અને અમેરિકા, ન્યૂયોર્કની નજીક સ્થાપવામાં આવેલી વૈજ્ઞાનિક કૃષિવિદ્યાની પ્રથમ પાઠશાળામાં સહસંસ્થાપક તરીકે નિમણૂંક કરાયા હતા. પચીસ વર્ષની વયે તેમણે લખેલા કૃષિવિદ્યા વિષયક પુસ્તકને શાળાઓમાં પાઠ્ય પુસ્તક તરીકે સ્વીકારવામાં આવ્યું હતું. તેઓને વનસ્પતિશાસ્ત્રની સંશોધન સમિતિમાં વિશેષ સ્થાન આપવામાં આવ્યું હતું. તેમને વોશિંગ્ટનનાં ખેતીવાડી ખાતાના માહિતી વિભાગના ડાયરેક્ટરનો પદભાર વહન કરવા અને અન્ય બે મોટી મિલકતોના વ્યવસ્થાપક તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા. ૨૬ વર્ષની વયે તેમણે યુરોપનો મોટો પ્રવાસ કર્યો હતો અને તેનો અહેવાલ અમેરિકન જ્ઞાનકોશમાં છપાયો હતો. કૃષિસુધારણા ક્ષેત્રે તેમના મહત્ત્વપૂર્ણ પ્રદાન માટે બે માનદ ચંદ્રકો અને ચાંદીનું શિલ્ડ આપવામાં આવ્યું હતું. યુદ્ધ અને નૌકા ખાતાએ ભ્રષ્ટાચાર દૂર કરવા એક વિશેષ કમિશ્નર તરીકે નિમ્યા હતા અને જાનનાં જોખમે કાર્ય કરવા બદલ બહુમાનને પાત્ર બન્યા હતા. ૧૮૬૮માં તેમણે વકીલાત શરૂ કરી અને કૃષિ વિષયક કાયદો બનાવી એક સાથે દસ ધારાસભાઓમાં પાસ કરાવી વિક્રમ સર્જ્યો હતો.

તેઓ તે સમયના સુવિખ્યાત 'લોટસ ક્લબ'ના મેમ્બર હતા અને હાસ્યલેખક માર્ક ટ્વેઈન તથા અન્ય લેખક મિત્રો સાથે ઘરોબો ધરાવતા હતા.


**સૌજન્ય : શ્રી ઉપેન્દ્રભાઈ હીરાલાલ દેસાઈ તથા શ્રીમતિ તરૂલતાબેન યુ. દેસાઈ તરફતી સસ્નેહ !**
**અમદાવાદ લોજ**

૧૯ વર્ષની વયથી જ તેઓ પ્રેત આહવાહનમાં રસ ધરાવતા હતા. એડી ફાર્મમાં બનતા ઈન્દ્રિયાતીત બનાવો વિષે ન્યૂયોર્કનાં વર્તમાન પત્રો પૈકી 'ન્યૂયોર્ક સાન' અને 'ન્યૂયોર્ક ગ્રાફિક્સ'માં ૧૮૬૪માં છપાયેલ લેખની એક એક નકલ ડોલરમાં વેચાઈ હતી. ૧૮૭૫માં ઈન્દ્રિયાતીત શોધખોળ વિષે એમણે લખેલું પુસ્તક 'પીપલ ફ્રોમ ધી અધર વર્લ્ડ' સર આલ્ફ્રેડ વાલેસ અને સર વિલિયમ ક્રૂક્સ જેવા વૈજ્ઞાનિકો દ્વારા પ્રશંસા પામ્યું હતું. એડી ફાર્મ પર મેડમ બ્લેવેટ્સ્કી સાથે પ્રથમ મુલાકાત થઈ હતી. બંનેએ સાથે મળીને પ્રેત આહવાહનની પ્રક્રિયાનું પૃથક્કરણ, વિશ્લેષણ અને વિશેષ અધ્યયન દ્વારા જડવાદી વલણો દૂર કરવા પ્રશસ્ય પુરુષાર્થ કર્યો હતો. આ બંને વિભૂતિઓએ સાથે મળીને ૧૮૭૫ના નવેમ્બર માસની ૧૭મી તારીખે ન્યૂયોર્કમાં થિયોસોફિકલ સોસાયટીની સ્થાપના કરી હતી. ૧૮૭૮માં આ બંને મહાનુભાવોએ થિયોસોફિકલ સોસાયટીનું વડુ મથક મુંબઈ ફેરવ્યું અને ત્યારબાદ ચેન્નઈ (મદ્રાસ) પાસે અડ્યારમાં સ્થાયી થયું. પૂર્વના દેશોમાં હિન્દુ ધર્મ, બૌદ્ધ ધર્મ, પારસી અને ઈસ્લામના પુનર્જીવનનું કાર્ય શરૂ કર્યું. તેમણે સંસ્કૃત ભાષાનો પુનરુદ્ધારનું કાર્ય પણ હાથ ધર્યું, હિન્દુઓ અને બૌદ્ધો વચ્ચે ચાલી રહેલ વિગ્રહમાં સમાધાનકારી ભૂમિકા કરી બધા જ ધર્મના ગુરુઓ સાથે ૧૮૮૫માં સમૂહ પ્રાર્થના યોજી નિર્ણાયક કાર્ય કર્યું. ૧૮૮૨-૮૩ના ગાળામાં હજારો વિકલાંગોને દૈવિ રોગનિવારક શક્તિથી રોગીઓને રોગ મુક્ત કર્યા. અડ્યારમાં ઓલ્કોટ પંચમ શાળા શરૂ કરી ફ્રી શિક્ષણની સુવિધા કરી. દલિત વર્ગ માટે પુસ્તકાલયો, શિક્ષણ મંડળોની રચના કરી, હિન્દુ છોકરાઓ અને કન્યાઓ માટે 'આર્ય બાળા બોધિની' શાળાઓની રચના કરી. અનેક પ્રકારના જનહિતના કાર્યો કરી જનસેવા અને શિક્ષણની મહત્તા સુનિશ્ચિત કરી ઉમદા કાર્ય કર્યું.

ખરેખર તો આ ગાગરમાં સાગર સમાવવાનો પ્રયાસ છે. ઘણું સંક્ષિપ્ત કહી શકાય પરંતુ હેતુ આપને આ દિશામાં આગળ વધવા અનુપ્રેરિત કરવાનો છે. થિયોસોફિકલ સોસાયટીના ગુજરાતમાં અને દેશભરમાં અનેક કેન્દ્રો કાર્યરત છે. તેના પુસ્તકાલયો ખૂબ સમૃદ્ધ છે. તે સિવાય ઈન્ટરનેટ પર વૈશ્વિક સ્તરની માહિતી મળી શકે છે. થિયોસોફિકલ સોસાયટી એ કોઈ ધર્મ કે સંપ્રદાય નથી. વિશ્વબંધુત્વ ભાવના જગાવવા અને સત્યન્વેષી બની જગત સમક્ષ આધ્યાત્મિક રહસ્યોનો બોધ કરાવનારી સંસ્થા છે.

બીજી ઓગષ્ટ એટલે વિશ્વ વંદનીય યુગપુરુષ કર્નલ ઓલ્કોટ સાહેબના જન્મ દિવસે સર્વ સભ્યો વચ્ચે અતૂટ બંધુત્વ ભાવના બની રહે, આપણે સૌ માનવતા પ્રેમી બની દૈનિક વ્યવહારમાં થિયોસોફી અપનાવી યુગપુરુષના આશિષના અધિકાર બનીએ.

'થિયોસોફી' આચરણમુલક છે. તેની થિયરી દૈનિક વ્યવહારમાં માર્ગદર્શક – પથપ્રદર્શક જરૂર બની શકે છે. કારણ તે આપણા યુગપુરુષોની અનુભવની વાણી છે. કર્નલ ઓલ્કોટ સાહેબની સંપૂર્ણ જીવની બે ભાગોમાં વહેંચી શકાય. તેમનું સૈદ્ધાંતિક સ્વરૂપ અને તે સિદ્ધાંતોને વ્યવહારમાં ઉતારી સિદ્ધ કરવાની તેમની ક્ષમતા અપૂર્વ, અદ્વિતીય, અનુપમ છે જે તેમણે વિરલ કોટીએ પ્રસ્થાપિત કરે છે. કર્નલ ઓલ્કોટ સાહેબના જન્મ દિવસે હું સત્યનિષ્ઠાપૂર્વક ગુજરાત થિયોસોફિકલ ફેડરેશન પ્રતિ પ્રતિબદ્ધતા ધરાવું અને સર્વે સભ્યોને શુભકામના પાઠવું છું.


ડૉ. જ્યોર્જ સી. એરૂન્ડેલ

## ડૉ. જ્યોર્જ સી. એરૂન્ડેલ

જન્મની સાથે માતા અવસાન પામ્યા, માટે નાનપણથી માસીએ તેમનો બાળઉછેરની જવાબદારી ઉપાડી લીધી, માતાનું પોષણ ન મળતા તબિયત સારી

**સ્વર્ગસ્થ સવિતાબેન ડાહ્યાલાલ પંડ્યાના સ્મરણાર્થે**

**સૌજન્ય : શ્રી ઉમેશભાઈ ડાહ્યાલાલ પંડ્યા, હરજીવન (આશ્રમ) લોજ, કડોલી**

રહેતી નહી. પણ એમની આ માતૃતુલ્ય માસીએ ખૂબ જ પ્રેમ અને કાળજીથી એમને ઉછેર્યા. ધર્મમાતાએ તનતોડ મહેનત કરી. આવા અગાધ પ્રેમને લીધેજ થિયોસોફિકલ સોસાયટીનાં ત્રીજા પ્રમુખ ડૉ. જ્યોર્જ સી. એરૂન્ડલમાં પ્રેમ, દયા, સહાનુભૂતિ વગેરે સદગુણોનાં દર્શન થાય છે. માસીનું ઘર આધ્યાત્મિક હતું. મેડમ બ્લેવેટ્સ્કી એ ઘરમાં વારંવાર રહેતાં હતા, અને પાંચ વર્ષના જ્યોર્જને જોઈને **"MY YOUNG CHILD"** કહીને સંબોધતાં. શિશુવયથી જ આમ આધ્યાત્મિકતાના સંસ્કાર પડેલા.

૧૯૦૨માં ડૉ. એની બેસન્ટનું વિશ્વ વિખ્યાત "થિયોસોફી અને શાહીવાદ" પ્રવચન સાંભળીને તે જ ક્ષણે એમની આંખોમાં નવું તેજ આવ્યું. અનેક જન્મોનાં માતા અને ગુરુ મળી ગયા. ત્યારથી તેમણે તેમનું જીવન બેસન્ટ માતાનાં ચરણોમાં મૂકી દીધું. તેમનો એક એક શબ્દનો વિચાર કર્યા વગર પાલન કરવાનું સ્વીકારી લીધું. ૧૯૦૩માં એમના ગુરૂનાં આદેશથી પોતાની માતૃભૂમિ હંમેશ માટે છોડીને ભારત આવી ગયા. બનારસ હિંદુ કોલેજનું સુકાન એમના હાથમાં સોંપવામાં આવ્યું. કેળવણીના ક્ષેત્રમાં એમણે કેટલાક મૌલિક પ્રયોગો કર્યા હતા. તેમના સહકાર્યકરો અને વિદ્યાર્થીઓનાં માનીતા બન્યા.

જગતમાં જ્યાં જ્યાં મહત્તા દેખાય, ત્યાં ત્યાં એમણે એનો આદર કર્યો હતો. એથી જ એમણે મેડમ મોન્ટેસોરીને ભારત આવવાનું નિમંત્રણ આપ્યું હતું.

સ્કાઉટ અને ગાઈડ પ્રવૃત્તિઓના તેઓ પ્રણેતા હતા, અમદાવાદમાં કાંકરિયા વ્યાયામ વિદ્યાલયનાં મેદાન પર જ્યારે સ્કાઉટ અને ગાઈડની પરેડ ચાલી રહી હતી ત્યારે પોતે પણ યુવાનો સાથે પરેડમાં સામેલ થઈ યુવાનોને પ્રોત્સાહિત કર્યા હતા.

૧૯૨૦ની સાલમાં તેઓ શ્રીમતિ રૂકમણીદેવી સાથે લગ્નગ્રંથીથી જોડાયા, અમદાવાદમાં જ્યારે જૂના શારદામંદિર શાળાનાં ઓડિટેરિયમમાં શ્રીમતિ રૂકમણીદેવી ભારતનાટ્યમ પ્રોગ્રામ કરવા આવ્યા હતા ત્યારે પ્રોગ્રામ શરૂ થતાં પહેલાં અશુભ તત્ત્વોની અસર ન થાય તે માટે ઓડિટેરિયમની ફરતે ચક્કરો લગાવી તેને સુરક્ષિત કર્યું હતું.

૧૯૧૭ની સાલમાં થિયોસોફિકલ સોસાયટીના આશ્રયે રાષ્ટ્રીય શિક્ષણાર્થે એક નેશનલ યુનિવર્સિટી મદ્રાસની સ્થાપના કરવામાં આવી, તેના તેઓ પ્રિન્સિપાલ હતા અને શ્રી રવિન્દ્રનાથ ટાગોર એના વાઈસ ચાન્સેલર હતાં.

એમના ગુરૂ બેસન્ટે તેમને સ્વાર્પણના પાઠ એવા ભણાવ્યા હતા કે ૧૯૦૩ થી ૧૯૧૩ સુધીમાં બનારસ હિન્દુ કોલેજમાં જે અમર કીર્તિ તેમણે મેળવેલી હતી તેને જરા પણ દુઃખની લાગણી વિના ત્યાગ કરીને બેસન્ટની રાજકીય કાર્યમાં જોડાઈ હોમરૂમ લીગની ચળવળમાં પણ એટલા જ ઉત્સાહ અને ધગશથી કાર્ય કર્યું.

ડૉ. એની બેસન્ટના અવસાન પછી ૧૯૩૪થી થિયોસોફિકલ સોસાયટીનાં ત્રીજા પ્રમુખ તરીકેનું સુકાન સંભાળ્યું. એમણે માત્ર પ્રમુખની ગાદી જ નથી શોભાવી પણ એ સંસ્થાના ઉત્કર્ષ માટે જગતભરમાં એમણે પ્રવાસ કર્યો. યુરોપ, અમેરિકા, જાવા, ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ વગેરે અનેક સ્થળોએ જઈને એમણે સક્રિય કાર્ય કર્યું હતું. આપણા સૌનાં હૃદયમાં જે ભવ્ય સ્વપ્નોને આદર્શવાદ ડૉ. જ્યોર્જ સી. એરૂન્ડેલે પ્રજ્વલિત કર્યા છે તે કદી નહિ ભૂલાય.

બેસન્ટ માતાનાં ચરણોમાં પોતાનું જીવન અર્પણ કરી પ્રતિજ્ઞા લીધી હતી કે જ્યાં તું જઈશ ત્યાં હું આવીશ, જ્યાં તું રહીશ ત્યાં હું રહીશ. તારા માણસો એ મારાં થશે, તારો પ્રભુ તે મારો પ્રભુ બનશે, જ્યાં તું મરીશ ત્યાં હું મરીશ, જ્યાં તું દટાઈશ ત્યાં હું દટાઈશ. એ એમની ઝંખના મુજબ જ એમના માતા અને ગુરૂની જગ્યાએ જ એમનું ૧૨.૦૮.૧૯૪૫ના રોજ અવસાન થયું. એ જ જગ્યાએ તેમનો અગ્નિસંસ્કાર પણ થયો. એક જ જગ્યાએ એટલે અડ્યારનાં **Garden of Rememberance**માં એ ઉભયની ભસ્મ પાસે પાસે રહીને જાણે વર્ષોની વિયોગકથા માંડીને કહી રહી છે.

એમના જીવનના શતદલ પુષ્પમાંથી આ તો થોડી પાંખડીઓની સુવાસ માત્ર છે.

# જરથોસ્તી ધર્મ

પ્રસ્તુતિ
શ્રીમતિ પરવીન પટેલ
રેવા લોજ, વડોદરા

*ગતાંકથી આગળ...*

દરેક મનુષ્યને કર્માનુસાર સુખ-દુઃખનો ભોગવટો કરવો પડે છે. દુષ્ટકર્મો દુષ્ટ વિચારો અને વાણીમાંથી પ્રગટ્યા. તેને પરિણામે દુઃખ સહેવું જ પડે છે. જે બીજાનાં ભલાં માટે પ્રયત્નશીલ છે, દયા, પ્રેમ, સદાચાર જેનામાં છે, તે સદ્‌બુદ્ધિ, સદ્‌વિચારોનાં પરિણામરૂપ છે, તેને સુખની પ્રાપ્તિ થવાની જ છે. પ્રકૃતિ સ્વયં સમતુલન જાળવી રાખે છે. (૧) કેટલાંક કર્મોની ચૂકવણી ચાલુ જન્મમાં જ ભરપાઈ થાય છે. (૨) આગળના જન્મોના કર્મોનો હિસાબ અમુક ટકા આ જન્મમાં ચૂકવવો પડે છે, (૩) બાકી બચેલાં કર્મોનો ભોગવટો હવે પછી આવનાર જન્મોમાં કરવો પડે છે. ટૂંકમાં 'જીજીષ્યંતી' અર્થાત્ દરેકને પોતાની લાયકાત અનુસાર મળી રહે છે.

મૃત્યુ પછીનું જીવન - મૃત્યુ પછી જીવ બોતેર (૭૨) કલાક અભાન હાલતમાં પડી રહે છે. તેની આસપાસ જે કંઈ બની રહ્યું છે તેનાથી વાકેફગાર હોવા છતાં અભાન હાલતમાં પડી રહે છે. ૭૨ કલાક પૂરા થતાં તેનું છાયા શરીર બીજાં શરીરોથી છૂટું પડે છે, જીવ અદૃષ્ય ભુવનમાં આગળ વધે છે. 'વૈતરણી' પાર કરવાની કલ્પના છે તેમ 'ચિન્વત પુલ' પસાર કરવાની કલ્પના છે. જેના કર્મો સારાં છે, ભલાં છે તે કર્મોનો સમુહ કેરદાર (સુંદર સ્ત્રી રૂપે) તેને આગળ દોરવે છે. જેનાં કર્મો નરસાં છે, દુષ્ટ છે તે અંદરથી ડર, ગભરામણ અનુભવે છે. વધુ સમય તેવો જીવ વાસના ભુવનનાં નીચેના ભાગમાં જ પસાર કરે છે. જેમ સૂક્ષ્મ શરીરો વિખેરાતાં જાય તેમ જીવ ઉપરનાં ભુવનોમાં ક્ષમતા અનુસાર આગળ વધે છે. સમય વીતતાં અધુરાં કર્મોની ચૂકવણી અર્થે ફરી જન્મ ધારણ કરે છે.

જરથોસ્તી ધર્મમાં નવ (**Planes**) ભુવનો દર્શાવામાં આવ્યા છે. દરેક ભુવનનો પોતાનો ચોક્કસ પ્રકારનો અગ્નિ હોય છે, જે તેને કાર્યાન્વિત કરે છે.

મનુષ્ય દેહનું બંધારણ

(૧) તનુ – સ્થૂળ શરીર

(૨) અઝે – દહીશ – હાડપિંજર હાડકાનું માળખું

(૩) ગએથા – શરીરની અંદરના અવયવો – હૃદય, ફેફસાં, યકૃત, મૂત્રપિંડ વગેરે

આ ત્રણે એક સાથે જ નાશ પામે છે.

(૪) કેહર્પ **Etheric Body** – લિંગ શરીર કે છાયા શરીર. સ્થૂળ શરીરના પડછાયા જેવું જ જેને લીધે સૂક્ષ્મ શરીર જીવંત ભાસે છે.

(૫) ઉશ્તાન (પ્રાણ શરીર) – સૂર્યમાંથી આવતી ઉર્જા પ્રાણ શક્તિ કેહર્પને પહોંચાડે છે. મૃત્યુવેળા તે બંધ પડે છે, તેથી સ્થૂળ દેહનું મૃત્યુ થયું કહીએ છીએ. ૭૨ કલાક પછી કેહર્પ - લિંગ શરીર નાશ પામે છે.

(૬) **(A)** તેવીષી – વાસના દેહ **(astral body)** જીવ ઈચ્છાઓ વાસનાથી ભરપુર છે. તે સુખી અને ખુશ હોય ત્યારે વાસના દેહ (તેવીષી) વિસ્તાર પામે છે, તે દુઃખી ગમગીન હાલતમાં હોય ત્યારે સંકોચાયેલું લાગે છે.

**(B)** દએના - અંતઃકરણ – નીચલાં અને ઉચ્ચ શરીરો સાથે જોડનાર પુલ સમો છે. જે વ્યક્તિને આધ્યાત્મિક ઉન્નતિમાં આગળ વધારનાર છે, તેનો સદુપયોગ વ્યક્તિના માર્ગે છે તે દએનાને અશોઈ (પવિત્રતા) થી ભરપુર રાખીને પોતાના દએના ચક્ષુને પ્રકાશિત કરી શકે છે. અર્થાત્ **intuition** આંર્તપ્રેરણા તેના દ્વારા મેળવી શકે છે.

---

**સ્વ. મંજુલાબેન મનસુખભાઈ મિસ્ત્રીના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી મનસુખભાઈ ગોરધનદાસ મિસ્ત્રી, અમદાવાદ લોજ**

જીવ દેહ ધારણ કરે ત્યારે ઉપર વર્ણવેલાં શરીરો તેના સ્થૂળ શરીર સાથે જોડાયેલાં જ રહે છે.

૭-૮-૯ આત્માનાં ઉચ્ચ આવરણો છે. વ્યક્તિ પોતાની આધ્યાત્મિક પ્રગતિ અનુસાર તેની સાથે એકતા અનુભવીને સતત પ્રેરણા મેળવે છે.

(૭) ઉશ્તાન **higher mental** (ઉચ્ચ માનસિક) જીવાત્મા જે સ્વયં એકમરૂપે છે. ઉચ્ચ તથા **abstract thinking** અમૂર્ત વિચારણાની શક્તિ ધરાવે છે. તે સ્વયં **inner fighter** આંતરિક લડવૈયા સમાન છે. પોતાના અનુભવોનો નિચોડ તેનામાં અર્કરૂપે પડેલો છે. જેને ટૂંકમાં કારણ શરીર **(causal body)** પણ કહી શકાય. આ અનુભવો સારા-નરસા બંને પ્રકારના હોઈ શકે છે. તેમાંથી કેવળ શુદ્ધ અનુભવોનો નિચોડ એકત્રિત કરે છે.

(૮) બઓધંગ બુદ્ધિક શરીર **(Budhic body)** જીવાત્માનું શુદ્ધિકરણ વધતું જાય તેમ જીવને પ્રેરણા આપીને તેની દોરવણી કરે છે. તેના વિકાસમાં મદદરૂપ થાય છે. જુદાઈની-દ્વૈતની ભાવના છૂટતી જઈને એકતાનો **(unity-oneness)** ભાવ પ્રગટતો જાય છે.

(૯) ફ્રવર્ષિ - ફરોહર બે પાંખવાળા મનુષ્ય આકારમાં નીચલો ભાગ પક્ષીનાં પીછાં જેવો છે. જે મુક્ત આત્માનાં પ્રતીક રૂપે છે. જે સ્વયં દ્દષ્ટારૂપે છે અને રક્ષણાત્મક કવચ જેવું છે. જીવાત્માએ નીચલાં ભુવનોમાં કરેલી ભૂલો કે કાર્યોની જવાબદારીથી તે પર છે. જ્યાં સુધી નીચલાં શરીરનું શુદ્ધિકરણ નહિ થાય ત્યાં સુધી જીવાત્માને તેની પ્રેરણા ભાગ્યે જ મળે છે, તે સ્વયં પ્રકાશિત છે. બંધનથી મુક્ત હોવા છતાં તેની સાથે જોડાયેલા જીવને પ્રકાશિત અને મુક્ત જોવાનો તેનો સંકલ્પ છે. જીવ જેમ જેમ નીચેની વાસનાઓથી છૂટો થતો જાય, શુદ્ધ થતો જાય તેમ બઓધંગ અને ફ્રવાર્ષની અસર તેના પર વધતી જાય છે. પૂર્ણત્વ પામવું એજ એનું ધ્યેય છે.

આપણે જાણીએ છીએ કે આપણાં શરીરમાં સાત ચક્રો છે. જેમ જેમ વ્યક્તિનો આધ્યાત્મિક વિકાસ જોરદાર બને તેમ તેમ તેની પાંખડીઓ ખીલતી જાય. જરથોસ્તી ધર્મ અનુસાર નાનાં મોટાં કુલ ૧૬ ચખ્રો (ચક્રો) દર્શાવાયાં છે. પ્રત્યેકનું બંધારણ આબ (જલ), ખાક (ધૂળ), બાદ (હવા) અને આતશ (અગ્નિ) થી બનેલું છે. જ્યારે કેવળ અગ્નિથી ચખ્રો પૂર્ણ પ્રકાશિત થાય તે પૂર્ણ પુરુષની નિશાની છે.

લિંગના ભેદભાવ વિના છોકરી તથા છોકરાને સાતમે, નવમે અથવા અગિયારમે વર્ષે ઉપનયન સંસ્કાર જનોઈ રૂપે આપવામાં આવે છે. જને નવજોત (નવો જન્મ) કહેવાય છે. તે વેળા નવ સાંધાવાળું મલમલનું ઉપવસ્ત્ર સુદરેહ અથવા સદરો અને કમ્મર ઉપર લપેટવા ઘેટાંના સફેદ ઉનમાંથી ૭૨ (બોતેર) તારથી વણેલી કસ્તી દસ્તુરજી (ધર્મગુરૂ) ક્રિયા દ્વારા કમ્મરે ધારણ કરાવે છે. આ એક જાતની દિક્ષા જ છે.

કુદરતનાં સર્વ તત્ત્વોમાં અગ્નિનું મહત્ત્વ કબૂલાયેલું છે. અગ્નિ પૂર્ણત્વ આપનાર, શુદ્ધ કરનાર તત્ત્વ હોવાથી તેને આતશ પુથ્ર અહરે મજદાઓ, અહુરમઝદના પુત્ર સમાન અતિ નીકટનો વારસદાર ગણેલો છે. સોળ પ્રકારના મુખ્ય અગ્નિ છે જેમાનાં કેટલાક સૂક્ષ્મ રૂપે છે. સોળ પ્રકારના આતશ મેળવી આતશ-બહેરામની રચના થાય છે. દસ પ્રકારના આતશ મેળવી આતશે-આદર્શન-આતશ-કહેરની રચના થાય છે જેને ગુજરાતીમાં અગીયારિ તરીકે ઓળખીએ છીએ. પાંચ પ્રકારના અગ્નિના મિશ્રણથી આતશ-દાદગાર તૈયાર થાય છે. આમાં ઘરનો અગ્નિનો પણ સમાવેશ થાય છે. અગાઉ ઘરમાં ૨૪ કલાક અગ્નિ પ્રજ્વલિત રાખતાં હતાં.

(ક્રમશઃ)

(મો. : ૯૯૭૮૩૭૧૮૦૪)

**સ્વ. શ્રીમતિ નિર્મળાબેન નંદલાલ ચાવડાની સ્મૃતિમાં...**
**સૌજન્ય : શ્રી નંદલાલ એસ. ચાવડા, ગ્રામ સેવા લોજ, કોંજલી**

પ્રસ્તુતિ
શ્રી ભાસ્કરભાઈ ભટ્ટ
અમદાવાદ લૉજ

# શ્રી નારદ ભક્તિ સૂત્ર

**શ્રી નારદ ભક્તિ સૂત્ર – Self Realization Through LOVE : પ્રેમ દ્વારા આત્મસાક્ષાત્કાર**
**અંગ્રેજી – ડૉ. આઈ. કે. તૈમની, ભાવાનુવાદ : યોગેન્દ્ર દેસાઈ**

*ગતાંકથી આગળ...*

સૂત્ર ૮૧ : મન, વચન, કાયા એ ત્રિપુટિ, વર્તમાન, ભૂત, ભવિષ્ય એ ત્રિપુટિ, જ્ઞાન, ભક્તિ, કર્મ એ ત્રિપુટીમાં ભક્તિ જ શ્રેષ્ઠ છે. ભક્તિનું મુખ્ય સાધન 'પ્રેમ' છે તેથી તે સરળ અને શ્રેષ્ઠ છે.

સૂત્ર ૮૨ : આ ભક્તિ પ્રેમરૂપા ભક્તિ હોવા છતાં તેના ૧૧ પ્રકાર છે. ગોપીઓમાં આ બધા પ્રકારનો વિકાસ થયો હતો.

(૧) પ્રભુના ગુણગાન : દેવર્ષિ નારદ, મહર્ષિ વેદવ્યાસ, શુકદેવ, યાજ્ઞવલ્કય, કાકભુશંડજી, સૌનક, ભિષ્મ, અર્જુન, પરીક્ષિત, પૃથુ, જન્મેજય

(૨) રૂપાશક્તિ ભક્તિ : વૃજાંગનાઓ

(૩) પૂજાશક્તિ ભક્તિ : ભરત, અમ્બરીષ, લક્ષ્મીજી

(૪) સ્મરણાશક્તિ ભક્તિ : ધ્રુવજી, પ્રહલાદજી, સનતકુમાર

(૫) દાસ્યાશક્તિ ભક્તિ : ધ્રુવજી, પ્રહલાદજી, મીરાં

(૬) સખ્યાશક્તિ ભક્તિ : ત્રિભાવ અર્જુન, સુદામા

(૭) વાત્સલ્યાશક્તિ ભક્તિ : પુત્રભાવ - દેવકી, યશોદા, દશરથ, વસુદેવ

(૮) કાન્તાશક્તિ ભક્તિ : પત્નીભાવ, અષ્ટપટરાણી સીતા

(૯) આત્મનિવેદનશક્તિ ભક્તિ : બલિરાજા, હનુમાન (સમર્પણ)

(૧૦) તન્મયાશક્તિ ભક્તિ : યાજ્ઞવલ્કય, શુક (ઈશ્વરમાં તલ્લીનતા)

(૧૧) પરમવિરહાશક્તિ ભક્તિ : ઈશ્વરના વિરહ, દુઃખરૂપ પ્રેમ, ઉદ્ધવજી, અર્જુન, ગોપીગણ.

સૂત્ર ૮૩ : વેદવ્યાસ, શુકદેવ, શાંડિલ્ય, ગર્ગ, ઉદ્ધવ, બલિ, હનુમાન, વિભીષણ, વિ. ભક્તિ માર્ગના આચાર્ય ગણો, એકમતથી એક જ કહે છે કે 'ભક્તિ જ સર્વશ્રેષ્ઠ' છે.

સૂત્ર ૮૪ : આ નારદજીએ કહેલ કલ્યાણકારી ઉપદેશમાં વિશ્વાસ અને શ્રદ્ધા રાખે છે તે પરમ ધ્યેયરૂપી પરમેશ્વરને પામે છે. પરમ તત્ત્વને પામી શકે છે. બસ આ ઉપદેશને બુદ્ધિપૂર્વક સમજો, ભક્તિમાં શ્રદ્ધા રાખો. ભક્તિ અમૃતસ્વરૂપા છે. શ્રી નરસિંહ મહેતાએ 'ભૂતળ ભક્તિ પદારથ મોટું, બ્રહ્મલોકમાં નહિ રે' પદમાં ભક્તિ–ભક્તના લાભોની અદભૂત વાતો કરી છે.

**ટૂંક સાર : જરા જુદી રીતે આપ્યો છે – જોઈએ**

પરમાત્માની અનન્ય ભક્તિ વા પરાભક્તિ પ્રાપ્ત કરવા ઈચ્છનારે પ્રથમ સર્વ પ્રકારના પાપકર્મથી પોતાના મનને, ઈન્દ્રિઓને અને શરીરને પાછાં વાળવા પ્રયત્ન કરવો. પ્રત્યેક શુભ કર્મરૂપ પુણ્યમાં તેમને યથાશક્તિ જોડવા ઉમંગપૂર્વક સતત પ્રયત્ન કરવો. પછી ઘણામાં ઘણા ઉમંગથી અને વિવેકથી પરમાત્મામાં અને પોતાના

**સ્વ. અંજનાબેન સોનેજીના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી ભાસ્કરભાઈ સોનેજી, અમદાવાદ લોજ**

સદ્‌ગુરુમાં, પોતાની જાતિના જેટલો, પોતાના દૂધના સગાઓના જેટલો, પોતાના ધન જેટલો, પછી સમીપના સગાઓ જેટલો, પછી પોતાના શરીર જેટલો અને પશ્ચાત્ પોતાનાં પ્રાણ જેટલો તથા પોતાની પ્રતિષ્ઠા જેટલો વિશુદ્ધ પ્રેમ વધારવો જોઈએ.

પરમાત્માનું શ્રવણ, કિર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, હાસ્ય, સખ્ય અને આત્મ નિવેદન એ નવધા ભક્તિના નામો છે.

શ્રી નારદભક્તિ સૂત્રમાં, તેના અમલ માટે એક સૂત્ર ઉમેરવા જેવું લાગે છે જેથી ૮૪ સૂત્રોનો થોડો ઘણો પણ અમલ કરી શકીએ. જનકલ્યાણમાં વરિષ્ઠ નાગરિકે કેવું જીવન વિતાવવું તેની લેખમાળા શ્રી દિનેકર જોષીએ રજૂ કરેલ તે જોઈએ. "થોડા સમય પછી પોતે જે ઘરમાં વસી રહ્યો છે – ફરી રહ્યો છે ત્યાં એક તસ્વીર બનીને લટકશે. થોડો વખત તસ્વીરની સંભાળ લેવાશે. પછી તસ્વીર પણ હટી જશે. આ વાસ્તવિકતા છે. આપણાં શરીરનું શું થાય છે તે આપણે જાણીએ છીએ પણ જીવનું શું થાય છે તે ખરેખર જાણતા નથી. તેથી મૃત્યુનો ડર લાગે છે. હવે શેષ વર્ષો સમાજાપયોગી કામમાં તથા આધ્યાત્મિક, ચિંતન, મનન અને પ્રસારણમાં પસાર થવાં જોઈએ, નહિં તો દીર્ઘાયુષ શાપરૂપ બની જશે. દીર્ઘાયુષી વડિલોને પોતાનાથી નાનાનાં મૃત્યુ જોવા પડે છે. યજ્ઞ કરનાર યજ્ઞદેવતા પાસે માંગે છે કે મારા પછી આ દુનિયામાં આવેલા, મારા પછી દુનિયામાંથી જાય. પણ હંમેશા વરદાન મળતાં નથી. સિત્તેરની ઉંમર પછી ક્યાંય જાવ નહિ. જૂના સંબંધો ભૂલતા જાવ, નવા સંબંધો બાંધો નહિં. સ્વામી આનંદ કહેતાં 'જીવનમાં, સર્વત્ર આનંદ જ છે, પણ જો તે લેતાં આવડે તો.' શ્રી મેઘાણી કહેતા કે મૃત્યુને સહજ લો. 'એક સ્તન પરથી બીજા સ્તન પર માતા બાળકને દૂધ પીવડાવવા લે છે, તેવું જ મૃત્યુનું છે.' દુન્યવી કામોના વળગણ ના રાખો. તમારા તત્વદર્શનનો અભ્યાસ, તેનો સાક્ષાત્કાર થાય તેવો પ્રયત્ન કરો. આ હું મને પણ કહું છું જ.

છતાં છેલ્લે 'પરિત્રાણ' માસિકમાં ચિંતક – શ્રી કુમારપાળ દેસાઈએ કહેલ 'અર્થી બંધાય તે પહેલાં જીવનનો અર્થ પામીએ.' એવી શુભેચ્છા. અસ્તુ નમસ્કાર !

• • •

(મો. : ૯૪૨૮૯૧૯૪૭૫)

**'થિયોસોફિક જ્યોતિ'** દ્વારા આપણા સભ્યોની, તેમના કુટુંબીજનો તથા સહૃદયી સંબંધીઓ તથા મિત્રોની **"જન્મદિનની શુભેચ્છા"**, **"લગ્ન તિથિ શુભેચ્છા"** (મેરેજ એનીવર્સરી), કૌટુંબિક સભ્યો-સંબંધીઓનાં **"શુભ પ્રસંગો"** અને **"યાદગીરિ-સંભારણા"** (આત્મિક શ્રદ્ધાંજલિઓ) **'સૌજન્ય'** દ્વારા જે-તે મહિનામાં પ્રકાશિત કરીને સૌજન્યતા પાઠવીએ છીએ.
રૂ. ૧૦૧/- (ઓછામાં ઓછા... વધુ રકમ સ્વેચ્છાએ...) **'GTF Jyoti Prakashan Fund' Central Bank of India (Sardarnagar Area Branch, Bhavnagar, 01360) A/c. No. 1871957084 IFSC : CBIN0281360**માં જમા કરાવ્યાથી આ પ્રકારનું **'સૌજન્ય'** વ્યક્ત કરતાં રહીશું તથા **'થિયોસોફિક જ્યોતિ'** ફંડને આર્થિક સહયોગ આપતા રહીશું.

*ખાસ નોંધ : આગામી મહિનાઓમાં જે કોઈ સભ્ય પોતાના "શુભેચ્છા–સૌજન્ય" પ્રકાશિત કરવા ઈચ્છતાં હોય તેઓએ તંત્રીશ્રીનો સંપર્ક કરવો.*

**સ્વ. ચંદ્રિકાબેન વિજયકુમાર ભટ્ટના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી વિજયકુમાર જગદીશચંદ્ર ભટ્ટ, ગાંધીનગર લોજ**

# શાખા સમાચાર

## ઈ–મીટીંગ્સ

- **રોહિત લોજ, અમદાવાદ :- દર શનિવારે સાંજે ૬ થી ૭ દરમિયાન આયોજીત ઈ–મીટીંગ્સ :**
જૂનની ૨૬મીએ ગુજ. થિયો. ફેડ.ના પ્રમુખશ્રી નરેશભાઈ ત્રિવેદીએ "ગીતામાં કર્મયોગ" વિષે પ્રવચન કર્યું. જુલાઈની ત્રીજીએ શ્રી હર્ષવદન શેઠે 'જે. કૃષ્ણમૂર્તિની રોજનીશી-૧૯૭૩'ના ભાષાંતરિત કરેલ રોજનીશીનાં પાના વાંચીને રજૂઆત કરી. જેમાં છેલ્લે ૮મી ઓક્ટોબર ૧૯૭૩ સુધીનો સમાવેશ કરાયો છે. ૧૦મીએ "અસ્તિત્વવાદ" વિષે રેવા લોજ, વડોદરાના ડૉ. કિરણભાઈ શિંગલોતે પ્રવચન કર્યું.
- **અમદાવાદ લોજ, અમદાવાદ :-** અમદાવાદ લોજના પ્રમુખશ્રી પ્રફુલભાઈ શાહે તથા સર્વે હોદ્દેદારો અને સભ્યોએ મળીને કોરોના સેફ્ટી ગાઈડ લાઈન પ્રમાણે લોજના મકાનમાં રૂબરૂ મળીને લોજ કાર્યક્રમો શરૂ કર્યા છે. પ્રવચનો દર બુધવારે સાંજે ૫.૩૦ થી ૬.૩૦ દરમિયાન યોજાય છે. જુલાઈની ૭મીએ 'સાધન ચતુષ્ટય-યોગ જીવન' વિષે ડૉ. વર્ષા પટેલ, ૧૪મીએ 'નારદ ભક્તિ સૂત્ર' વિષે શ્રી રમેશભાઈ ડોલીઆ, ૨૧મીએ 'જે. કૃષ્ણમૂર્તિ અને સંત કબીર' વિષે શ્રી હર્ષવદન શેઠ તથા ૨૮મીએ 'બ્રહ્મવિદ્યા ભક્તિયોગ' વિષે શ્રી પ્રફુલભાઈ શાહે પ્રવચનો કર્યા.
- **રેવા લોજ, વડોદરા : દર મંગળવારે સાંજે ૬.૩૦ થી ૭.૩૦ દરમિયાન રેવા લોજ, રોહિત લોજ તથા જ્યોતિ લોજ, મુંબઈના સંયુક્ત ઉપક્રમે આયોજીત ત્રિવેણી કાર્યક્રમો :**
જૂનની ૨૨મીએ રેવા લોજના સભ્ય શ્રી નીખિલભાઈ દેસાઈએ "ઉપનિષદમાં વિવિધ વિદ્યા" વિષે અત્યંત વેધક પ્રવચન કર્યું. પ્રવચન દરમિયાન જ વક્તાશ્રીએ કરેલી ગુજરાતીની વાતને શ્રી હર્ષવદન શેઠે અંગ્રેજીમાં તથા ત્યારબાદ શ્રી હર્ષદભાઈ દવેએ હિન્દીમાં તેની રજૂઆત કરી. જીજ્ઞાસુ સભ્યોને આ પ્રકારની રજૂઆત ઘણી પસંદ આવી અને પોતાના મંતવ્યો પણ રજૂ કર્યા. ૨૯મી જૂને સનાતન લોજ સુરતના પ્રમુખ શ્રી ઉદયભાઈ પાકાવાલાએ 'સંતકબીરનું જીવન દર્શન તથા કબીર વાણી' વિષે પ્રવચન કર્યું. જેની અંગ્રેજીમાં રજૂઆત શ્રી હર્ષવદન શેઠે તથા હિન્દીમાં શ્રી હર્ષદભાઈ દવેએ ખૂબ જ સુંદર અને ભાવવાહી રીતે કરી. જુલાઈની છઠ્ઠીએ રેવા લોજ, વડોદરાના સભ્યશ્રી હર્ષદભાઈ દવેએ 'સમસ્યા શી છે ?' તે વિષે રજૂઆત કરી. તેમના પ્રવચનનાં વિષયવસ્તુને અંગ્રેજીમાં શ્રી હર્ષવદન શેઠે તથા હિન્દીમાં જ્યોતિ લોજના શ્રી તરલભાઈ મુંશીએ પ્રસ્તુત કર્યા. ૧૩મી જુલાઈએ રેવા લોજ, વડોદરાના સુશ્રી રંજનબેન વૈદ્યે 'મેડમ બ્લેવેટ્સ્કી - આંતર્દર્શન' વિષે અંગ્રેજીમાં પ્રવચન કર્યું. જેનો તત્કાલ ગુજરાતીમાં શ્રી હર્ષવદન શેઠે તથા હિન્દીમાં પ્રજ્ઞા લોજ, અડ્યારથી શ્રી શીખર અગ્નિહોત્રીએ રસાસ્વાદ કરાવ્યો. ૨૦મી જુલાઈએ શ્રી નિખીલભાઈ દેસાઈએ 'ઉપનિષદમાં વિવિધ વિદ્યાઓ – પંચકોશ અને પંચાગ્નિ' વિષે પ્રવચન કર્યું. તેમનું પ્રવચન બે વિભાગમાં હતું. દરેક વિભાગને અંતે અંગ્રેજીમાં સુશ્રી રંજનબેન વૈદ્ય તથા હિન્દીમાં શ્રી હર્ષવદનભાઈ શેઠે ભાવાનુવાદ રજૂ કર્યો. સમગ્ર કાર્યક્રમ ખૂબ જ રસપ્રદ રહ્યો.
- **શ્રી પૂર્ણાનંદ લોજ, પેટલાદ :-**
લોજ મંત્રીશ્રી ગિરીશભાઈ 'નીલગિરી' લોજ અહેવાલ આપતાં જણાવે છે કે તા. ૧૮મી જુલાઈ, રવિવારે રેડક્રોસ ભવન, પેટલાદ ખાતે લોજના સક્રિય સિનિયર સભ્ય શ્રીમતિ નિર્મળાબેન એમ. વ્યાસના અધ્યક્ષ સ્થાને સભ્યો તથા શુભેચ્છકોનો મેળાવડો યોજાયો. અતિથિ વિશેષ તરીકે પેટલાદ નગરપાલિકાના પૂર્વપ્રમુખ તથા વર્તમાન નગરપાલિકા કાઉન્સિલર શ્રીમતિ દિપાલીબેન એચ. શાહ, રિટાયર્ડ મામલતદાર, ગાંધીનગર શ્રી હેમંતભાઈ જે. પંડ્યા તથા યુવા અગ્રણી મનીષભાઈ સોનીએ ઉપસ્થિત રહી શ્રી પૂર્ણાનંદ લોજના સભ્યોને પ્રમાણપત્રો (ડિપ્લોમા સર્ટીફીકેટ) અર્પણ કરી ઉત્સાહિત કર્યા.
સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન શ્રી મનહરભાઈ આર. પટેલ, શ્રી પ્રફુલભાઈ જી. પટેલ અને મંત્રીશ્રી ગિરીશ 'નીલગિરિ'એ કર્યું હતું.
કાર્યક્રમનું સંચાલન શ્રી મહેશભાઈ પટેલ અને શ્રી સૂર્યકાન્તભાઈ પટેલે (નારવાળા) કર્યું હતું. ડૉ. પ્રતિક્ષાબેન શાહ અને દિપાલી પટેલ વ્યવસ્થા સંભાળવામાં મદદરૂપ થયાં. કાર્યક્રમમાં આવેલ સૌ સભ્યોને પ્રમાણપત્રો અને કીટ આપવામાં આવ્યાં. કીટના દાતા શ્રી મનીષભાઈ સોની (યુવા અગ્રણી) હતા. શ્રી હસમુખભાઈ મિસ્રીએ આમંત્રીત સભ્ય તરીકે શુભેચ્છાઓ આપી. કાર્યક્રમને અંતે શ્રી જગદીશભાઈ મેકવાને આભાર વ્યક્ત કર્યો. બપોરનું પ્રિતીભોજન લઈ સૌ સભ્યો વિદાય થયાં.
- **મુંબઈ ફેડરેશન** દ્વારા આયોજીત ગુરૂવારની નિયમિત ઈ–મીટીંગમાં સાંજે ૬ થી ૭ દરમિયાન હવે ૧લી જુલાઈથી 'થિયોસોફિસ્ટનું કાર્ય' પુસ્તકનું વાંચન મુંબઈ ફેડ. પ્રમુખ શ્રી વિનાયકભાઈ પંડ્યા દ્વારા કરવામાં આવે છે. આ પુસ્તક સી. ડબ્લ્યુ લિડબીટરે લખ્યું છે જેનો ગુજરાતીમાં અનુવાદ શ્રીયુત ભૂપતસિંહ બારોટે કરેલ છે. આ ઈ-મીટીંગમાં મુંબઈ અને ગુજરાત થિયો. ફેડ.નાં સભ્યો સંયુક્ત રીતે ભાગ લે છે. વાંચન વિશેષ અંગે ચર્ચા થાય છે. ખૂબ જ રસપ્રદ બની રહેલ આ પુસ્તકના અભ્યાસ દ્વારા 'થિયોસોફી' અને 'સોસાયટી'નાં સંદર્ભમાં લોજ કાર્ય તથા સભ્યોની વિવિધ પ્રવૃત્તિઓનાં દર્શન થાય છે. ૮મી, ૧૫મી અને ૨૨મી જુલાઈ દરમિયાન પણ આ વિશેષ વાંચન તથા અભ્યાસમુલક ચર્ચાએ આધ્યાત્મિક રંગત જમાવી છે.

RNI Code No. GUJ / GUJ / 2015 / 71878, dated 24-05-2017
Registered under Postal Registration No. AHD-C/80/2021/2023 valid upto 31st December-2023 issued by the SSPO'S Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 12th of every month.

**Printed Matter Periodicals** **THEOSOPHIC JYOTI** **August–2021**


To :

If Undelivered Return to : HARSHAVADAN MOHANLAL SHETH
9 Apurva Bungalows, B/h. Sharda School, Bhuyangdev, Sola Road, Memnagar, Ahmedabad-380052.

## આપણો પુસ્તક પ્રેમ...

## "શિષ્યપદનો પંથ"

*લેખિકા : ડૉ. એની બેસન્ટ*




પ્રથમ આવૃત્તિ : ૧૯૬૮ ● દ્વિતીય આવૃત્તિ : ૨૦૦૭ ● મૂલ્ય : નિઃશુલ્ક

ભાવનગરમાં એક શિબિરનું આયોજન ૧૯૬૬માં કરવામાં આવેલ. તે સમયે **'The Path of Discipleship'** નો અનુવાદ થાય તેવી પ્રસ્તાવના ઉદ્ભવી. ગુજ. થિયો. ફેડ.ના ખંતીલા કાર્યકર અને સાધક સ્વ. શ્રી ભૂપતસિંહ બારોટે તેનો અનુવાદ કર્યો હતો. ૧૯૮૬માં પ્રથમ આવૃત્તિ છપાઈ.

થિયોસોફિકલ સોસાયટીના, અડ્યાર (મદ્રાસ)માં ભરાયેલા ૨૦માં કન્વેન્શનમાં તારીખ ૨૭, ૨૮, ૨૯ અને ૩૦મી ડિસેમ્બર ૧૮૯૫ના રોજ ડૉ. એની બેસન્ટે જે ચાર પ્રવચનો આપેલાં તેનું ગુજરાતીમાં રૂપાંતર છે.

ભાવનગર લોજના ૧૨૫ વર્ષ ગુજ. થિયો. ફેડ.ના ૮૨માં અધિવેશન વખતે પૂરા થતાં હોઈ સ્વ. હરજીવનદાસ કા. મહેતા પરિવારે આ પુસ્તકની બીજી આવૃત્તિ છપાવીને સભ્યોને નિઃશુલ્ક આપવા માટે ધન્યતા અનુભવી છે.

*પ્રકાશક : શ્રી હર્ષવદન એમ. શેઠ*
*માલિક : ગુજરાત થિયોસોફિકલ ફેડરેશન, ભાવનગર-૩૬૪૦૦૧*
*મુદ્રક : નૈષધ પ્રિન્ટર્સ-વિક્રમભાઈ પટેલ નારણપુરા ગામ, અમદાવાદ-૩૮૦૦૧૩ ફોન : ૨૭૪૯૧૬૨૭, ૯૮૯૮૫૨૨૦૧૦*

Printed and Published by HARSHAVADAN MOHANLAL SHETH on behalf of GUJARAT THEOSOPHICAL FEDERATION and Printed at Naishadh Printers, Nr. Municipal School, Naranpura Gam, Ahmedabad-380013 and published from GUJARAT THEOSOPHICAL FEDERATION, 9 Apurva Bungalows, B/h. Sharda School, Bhuyangdev, Sola Road, Memnagar, Ahmedabad-380052.
Editor - HARSHAVADAN MOHANLAL SHETH